સંકલિત બાળ વિકાસ સેવા યોજના ગુજરાત રાજ્ય

नए समाज की ओर
મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત રાજ્ય

વર્ષ : ૬ અંક : ૭, ૮, ૯, ૧૦

*ભાવયિત્રી ભાવયિતવ્યા ભવતિ !*
જનની જગતની પોષણની અધિકારી
(ઐતરેય ઉપનિષદ - ૨/૩)

# સહિયર ગોષ્ઠી







વિકાસ સપ્તાહ
૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં






# પોષણ ઉત્સવ-૨૦૨૫

# વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત
# પોષણ ઉત્સવ-૨૦૨૫ અને ભૂલકામેળા-૨૦૨૫ની ઝલક





















# સહિયર ગોષ્ઠી

**તંત્રી** : ડૉ. રણજીતકુમાર સિંહ

**સહતંત્રી** : જિજ્ઞાસા પંડયા

**સંપાદક** : ક્રિષ્ના વૈષ્ણાણી

**સહસંપાદક** : દીપ્તિ પરમાર

**પરામર્શ મંડળ** : અવંતિકા દરજી
મનીષા પટેલ
અમી પટેલ

**ઈ-મેઈલ** :
icdswcdmagazine@gmail.com

**તંત્રી વિભાગ**
'સહિયર ગોષ્ઠી'
કાર્યાલય,
કમિશનરશ્રી
મહિલા અને બાળવિકાસની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ
મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
મહિલા અને બાળવિકાસ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત
અને સરકારી ફોટોલીથો પ્રેસ,
અમદાવાદ દ્વારા મુદ્રિત


આપના વિસ્તારમાં મહિલા અને બાળવિકાસને લગતી કોઈ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'સહિયર ગોષ્ઠી' ત્રિમાસિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ icdswcdmagazine@gmail.com ઈ-મેઈલ આઈડી ઉપર તસ્વીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને 'સહિયર ગોષ્ઠી'માં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.




| | |
|---|---|
| રાજ્ય કક્ષાનાં પોષણ ઉત્સવ-૨૦૨૫ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા કાર્યક્રમ | 4 |
| જ્ઞાન-ગમ્મતનું પર્વ એટલે ભૂલકાં મેળો-૨૦૨૫ | 8 |
| માન.મંત્રીશ્રીના વરદ્ હસ્તે વહાલી દીકરી યોજનાનું વેબ પોર્ટલ લૉંચિંગ | 15 |
| સમગ્ર રાજ્યમાં અંદાજિત રૂ.૧૬.૩૨ કરોડના ખર્ચે ૧૩૬ આંગણવાડી કેન્દ્રોનાં લોકાર્પણ અને ખાતમુહુર્ત કાર્યક્રમ | 16 |
| ૮માં રાષ્ટ્રીય પોષણમાહ-૨૦૨૫ની રાજ્ય વ્યાપી ઉજવણી | 17 |
| ૨૩૩ આંગણવાડી કેન્દ્રોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત | 21 |
| માન. મુખ્ય સચિવશ્રીની કરાઈ ખાતે આંગણવાડી કેન્દ્રની મુલાકાત | 22 |
| પોષણ સંગમ જાગૃતિ દિવસની રાજ્યવ્યાપી ઉજવણી | 24 |
| સ્તનપાન છે શ્રેષ્ઠ રોકાણ, ભવિષ્ય માટે શ્રેષ્ઠ આધાર : વિશ્વ સ્તનપાન સપ્તાહ-૨૦૨૫ | 28 |
| આંગણવાડી કેન્દ્રમાં સોનેરી ભવિષ્ય માટે બાળઘડતર | 30 |
| વાલી જાગૃતિ અભિયાન થકી આંગણવાડી કેન્દ્રમાં નામાંકનની સિદ્ધિ | 32 |
| ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના | 35 |
| 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત થયેલ વિવિધ કામગિરી | 37 |
| વન સ્ટોપ સેન્ટર યોજના | 40 |
| પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના | 42 |
| ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન યોજના | 46 |
| પૂર્ણા યોજના | 49 |
| જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા વિવિધ તાલીમની કામગીરી | 51 |


હર ઘર સ્વદેશી
ઘર ઘર સ્વદેશી



વિકાસ સપ્તાહ
૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં

# રાજય કક્ષાનાં પોષણ ઉત્સવ-૨૦૨૫ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા કાર્યક્રમ



જેમાં ૫ લાખથી વધુ લાભાર્થીઓ અને આંગણવાડી કાર્યકર વાનગી સ્પર્ધામાં જોડાય હતા.

બાળકો, કિશોરીઓ, સગર્ભા, મહિલાઓ, ધાત્રી માતાઓ માટે જરૂરી કેલરી પ્રોટીન અને સુક્ષ્મ પોષકતત્ત્વો યુક્ત ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત અને પૂર્ણાશક્તિ) દર માસે વિનામૂલ્યે આંગણવાડી કેન્દ્રમાંથી તેમની દૈનિક પોષણની જરૂરીયાતના એક તૃત્તીયાંશ ભાગનું પોષણ પૂરું પાડવા માટે આપવામાં આવે છે. મિલેટ (શ્રીઅન્ન) આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપતા ગુણધર્મો ધરાવે છે. ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ), મિલેટ (શ્રી અન્ન) તેમજ સરગવા જેવા પૌષ્ટિક ખાદ્યો મદદથી પૌષ્ટિક વાનગી/ ખોરાકની રોજિંદા જીવનમાં ઉપયોગ કરે તેવા શુભ આશયથી સમગ્ર રાજ્યમાં ટેક હોમ રાશન, મિલેટ (શ્રી અન્ન) અને સરગવામાંથી બનતી પોષણયુક્ત વાનગીઓ અંગેની જુદા-જુદા સેજા કક્ષા, ઘટક કક્ષા, જિલ્લા કક્ષાએ પોષણ ઉત્સવનું આયોજન કરીને પ્રથમ, દ્વિતીય તેમજ તૃત્તીય ક્રમ મુજબ વિજેતાઓને ઝોન કક્ષાએ આમંત્રિત કરી ઝોન કક્ષાનો પોષણ ઉત્સવ કરવાનું આયોજન કરેલ હતું. જેમાં ૫

## પોષણ ઉત્સવ-૨૦૨૫ અંતર્ગત જિલ્લા કક્ષાએ અને ઝોન કક્ષાએ યોજાયેલ કાર્યક્રમ



નવસારી જિલ્લામાં પોષણ ઉત્સવ દરમિયાન સ્ટોલ ની મુલાકાત લેતા સી. આર. પાટિલ સાહેબ






લાખથી વધુ લાભાર્થીઓ અને આંગણવાડી કાર્યકર વાનગી સ્પર્ધામાં જોડાય હતા.

જે અંતર્ગત ઝોન કક્ષાના વિજેતાઓને રાજ્યકક્ષાએ આયોજિત પોષણ ઉત્સવ-૨૦૨૫ કાર્યક્રમમાં પોતાની વાનગી પ્રદર્શિત કરી હતી તેમજ તેમાંથી રાજ્ય કક્ષાના ગ્રામ્ય અને મહાનગરપાલિકાનાં કુલ ૧૨ વિજેતાને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મુજબ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

## પોષણ ઉત્સવ વર્ષ ૨૦૨૫ અંતર્ગત ટી.એચ.આર અને મિલેટ (શ્રીઅન્ન) માંથી બનતી રાજ્ય કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધાના વિજેતાઓની યાદી

| ક્રમ | જિલ્લા/ કોર્પોરેશન | ક્રમાંક (પ્રથમ, દ્વિતીય,તૃતીય) | જિલ્લા/કોર્પોરેશનનું નામ | આંગણવાડી કાર્યકરનું નામ | ટી.એચ.આર માંથી વાનગીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ગ્રામ્ય જિલ્લાનું નામ | પ્રથમ | અમરેલી | ગાયત્રીબેન જાડેજા | THR થાળ |
| ૨ | | દ્વિતીય | નવસારી | વૈશાલીબેન જે હળપતિ | માતૃશક્તિ ફણગાવેલ મગની કટલેસ |
| ૩ | | તૃતીય | મહેસાણા | શુક્લ વૈશાલીબેન | બાલશક્તિ સરગવો હલવો |
| ૪ | કોર્પોરેશન જિલ્લાનું નામ | પ્રથમ | વડોદરા | વર્મા રચના | માતૃશક્તિ દાલબાટી |
| ૫ | | દ્વિતીય | જામનગર | વાઘેલા પુષ્પાબેન | પુર્ણા લાડુ |
| ૬ | | તૃતીય | સુરત | સીમાબેન શ્રીમાલવે | પુર્ણા શક્તિમાંથી વેજીટેબલ પોકેટ |
| ક્રમ | જિલ્લા/ કોર્પોરેશન | ક્રમાંક (પ્રથમ, દ્વિતીય, તૃતીય ) | જિલ્લા/કોર્પોરેશનનું નામ | આંગણવાડી કાર્યકરનું નામ | મિલેટ (શ્રીઅન્ન) માંથી વાનગીનું નામ |
| ૭ | ગ્રામ્ય જિલ્લાનું નામ | પ્રથમ | આણંદ | ભોઈ સુમિત્રાબેન પ્રવીણભાઈ | મિક્સ મીલેટ થાળ |
| ૮ | | દ્વિતીય | મહેસાણા | ઠાકોર ગંગાબેન હેમાજી | મિલેટ્સ મોદક |
| ૯ | | તૃતીય | ડાંગ | જમનાબેન વાય. પવાર | મિલેટ પુલાવ |
| ૧૦ | કોર્પોરેશન જિલ્લાનું નામ | પ્રથમ | રાજકોટ | માકડીયા દ્રષ્ટિબેન | મિલેટ્સ સમોસા ચાર્ટ |
| ૧૧ | | દ્વિતીય | ગાંધીનગર | સુથાર હિરલબેન | રાગીના ઢોકળા |
| ૧૨ | | તૃતીય | અમદાવાદ | પટેલ ધારાબેન | જુવારના પિઝ્ઝા |



# પોષણ ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત







# જ્ઞાન-ગમ્મતનું પર્વ એટલે ભૂલકાં મેળો-૨૦૨૫

સંકલિત બાળવિકાસ સેવા યોજના, મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા પ્રોજેક્ટ “પા પા પગલી” અંતર્ગત દર વર્ષે ભૂલકાં મેળાનું આયોજન કરવામાં આવે છે.

આ કાર્યક્રમ દ્વારા ત્રિવિધ હેતુ સિદ્ધ કરવાનો ઉદ્દેશ હતો. જેમાં બાળકોને તેમની સર્જનાત્મકતા અને ક્ષમતાઓ પ્રસ્તુત કરવાની તક મળે, નાનાં બાળકો કાર્યક્રમમાં ભાગ લઇ સ્ટેજ પર પોતાની કૃતિ રજૂ કરે ત્યારે તેમનો આત્મવિશ્વાસ કેળવાય, તેમનો સામાજિક, ભાવનાત્મક અને સર્જનાત્મક વિકાસ થાય. સાથે સાથે બાળકની સારસંભાળ અને શૈક્ષણિક પાયો તૈયાર કરનાર, આંગણવાડી કાર્યકરને સ્થાનિક ઉપલબ્ધ વસ્તુઓમાંથી શૈક્ષણિક સાધનો બનાવવાની સમજ કેળવાય અને પ્રોત્સાહન મળે, આંગણવાડી કાર્યકરને શૈક્ષણિક માર્ગદર્શન પુરુ પાડનાર પી.એસ.ઈ. ઇન્સ્ટ્રક્ટર દ્વારા શિક્ષણમાં સર્જનાત્મકતા અંતર્ગત બાળકોને શીખવા શીખવવા માટે વિવિધ, અવનવી રીતે બાળવાર્તા, બાળગીત, ઉખાણાં, જોડકણાં વગેરેનું નિદર્શન કરે.

આ તમામ પ્રવૃત્તિઓ વાલી પણ નિહાળે અને તેમનાં બાળકોને કેવી



બાળકોની સાંસ્કૃતિક કૃતિ





નવસારી જિલ્લામાં ભૂલકાં મેળા દરમિયાન TLM સ્ટોલની મુલાકાત લેતા સી. આર. પાટિલ સાહેબ



મેયરશ્રી, પ્રતિભા જૈન, અમદાવાદ મહાનગર પાલિકા પોષણ ઉત્સવ-૨૦૨૫

રીતે યોગ્ય પ્રારંભિક શિક્ષણ માટે વાતાવરણ પૂરું પાડવું તેનું મહત્ત્વ સમજે તેમજ તેમનાં બાળકોનું આંગણવાડીમાં ત્રણ વર્ષ પૂર્ણ થતાં પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે નામ નોંધાવે અને નિયમિત મોકલે તે માટેના પ્રચાર પ્રસાર માટે ભૂલકાં મેળા કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.

રાજ્ય કક્ષાએથી ભૂલકાંમેળાના આયોજન અંગેની ગાઇડલાઇન વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતને પત્ર દ્વારા પાઠવવામાં આવી જેમાં કરવાની થતી પ્રવૃત્તિઓ, ખર્ચ-મર્યાદા અને ભૂલકાંમેળા ઉજવણીની સમયમર્યાદા અંગેની વિગતવાર જાણ કરવામાં આવી. વિભાગીય નાયબ નિયામકશ્રી દ્વારા ઝોનના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં આ ગાઇડલાઇન મોકલી તે અંગે પ્રોગ્રામ ઓફિસરશ્રીને ઉજવણી કરવા માટે જરૂરી સૂચના આપવામાં આવી. પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા પોતાનાં જિલ્લાના ડી.ડી.ઓશ્રીની મંજૂરી મેળવી સી.ડી.પી.ઓશ્રી અને મુખ્યસેવિકાબહેનોને આ અંગે માર્ગદર્શન અને સૂચના આપી ખૂબ સરસ આયોજન કરવામાં આવ્યું.

સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજ્યના તમામ જિલ્લામાં ભૂલકાંમેળાની ઉજવણી કરવામાં









**પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર દ્વારા રજૂ કરેલા શિક્ષણમાં સર્જનાત્મકતા કૃતિ**

આવી હતી. ત્યારબાદ અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઝોનમાં ભૂલકાંમેળાનું આયોજન કરવામાં આવ્યું. ત્યાર બાદ ૯ ઓક્ટોબર,૨૦૨૫ રાજ્યકક્ષાનો ભૂલકાંમેળો કાર્યક્રમ માન.મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, મહિલા અને બાળવિકાસ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા અધ્યક્ષતામાં આયોજિત કરવામાં આવેલ. માન. મંત્રીશ્રી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી દરેક ઝોનમાં વિજેતા થયેલાં ટી.એલ. એમ નિહાળી આંગણવાડી કાર્યકરને પ્રોત્સાહિત કર્યા. દરેક ઝોનમાંથી પસંદ થઈને આવેલી વાનગી નિદર્શન નિહાળતાં, વાનગી ટેસ્ટ કરી આંગણવાડી કાર્યકરના આનંદ ઉત્સાહમાં વધારો કર્યો.

માન. મંત્રીશ્રીએ તેમનાં પ્રેમાળ અને પ્રવચન દ્વારા સૌને પ્રોત્સાહિત કર્યા. માન.મંત્રીશ્રી મહિલા અને બાળવિકાસ દ્વારા જણાવવામાં આવ્યું કે, “આંગણવાડી એ માત્ર બાળ સંભાળનું કેન્દ્ર નહિ, પરંતુ નાનાં બાળકો માટેની પ્રથમ શાળા છે. જ્યાં તેઓ જીવનના મૌલિક ઘડતર માટેનો પ્રારંભ કરે છે.” બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિમાં આંગણવાડીની નાની દીકરીએ ખૂબ સુંદર યોગા રજૂ કર્યો હતો. તેમજ




માન.મંત્રીશ્રી અને મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય

સુરત ઝોનના તાપી જિલ્લાનાં બાળકો દ્વારા “ઓપરેશન સિંદૂર” કૃતિ રજૂ કરવામાં આવી એ જોઇને હોલમાં ઉપસ્થિત વ્યક્તિઓનાં રુંવાડાં ઊભાં કરી દીધા અને ઘણા બધાની આંખમાં આંસુ આવી ગયાં હતાં. આપણા ભારત દેશની સેનાએ જે જડબાતોડ જવાબ આપેલો એ આ બાળકોની કૃતિમાં જોવા મળ્યો. આ વિષય પર બાળકોને તૈયાર કરનાર આંગણવાડી બહેનો અને વાલીને ખૂબ અભિનંદન પાઠવ્યાં.

મહિલા અને બાળવિકાસ વિભાગના સચિવશ્રી રાકેશ શંકર, કમિશનર (આઈ.સી.ડી.એસ.), ડૉ. રણજીતકુમાર સિંહ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રેરક ઉદ્બોધન કરી સૌને પ્રોત્સાહિત કર્યા. તેમજ રાજ્યમાં વિવિધ કક્ષાએ યોજાયેલા કાર્યક્રમમાં, માન. ધારાસભ્યોશ્રી, જિલ્લા અને શહેરના ચુંટાયેલા સભ્યોશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને આઈ.સી.ડી.એસ. કચેરીના રાજ્ય તેમજ જિલ્લાના અધિકારીઓ તેમજ કર્મચારી પણ હાજર રહ્યા હતા.

ભૂલકાં-મેળામાં આકર્ષણ રૂપે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળગીત, અભિનયગીત, વિવિધ પ્રદેશોનાં ભાતીગળ લોકનૃત્ય, એકપાત્રિય અભિનય, બાળવાર્તાને વિવિધ સ્વરૂપે રજૂ કરવામાં આવી સાથે સાથે વિવિધ થીમના ફ્યુઝન જેવા કે, બેટી બચાવો, વૃક્ષ વાવો વૃક્ષ બચાવો, તાજેતરની ઘટના “ઓપરેશન સિંદૂર” વગેરે કૃતિ પણ રજૂ કરવામાં આવી. કૃતિમાં ભાગ લેનારાં તમામ બાળકોને પ્રોત્સાહન ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.






માન. મંત્રીશ્રીનું ઉદ્‌બોધન









ભુલકા મેળા અંતર્ગત TLM સ્ટોલની મુલાકાત લેતાં માન. મંત્રીશ્રી અને મહાનુભાવો



પોષણ ઉત્સવનાં ઝોન વાઇઝ સ્ટોલની મુલાકાત લેતા માન.મંત્રીશ્રી

બાળકોના ભવિષ્યના શૈક્ષણિક વિકાસ માટેનો પાયો તૈયાર કરનાર આંગણવાડી કાર્યકર દ્વારા લો-કોસ્ટ મટિરિયલ્સથી બાળકો માટે શીખવા શીખવવાનાં સાધનો બનાવી દરેક ઘટક દ્વારા જિલ્લા કક્ષાએ પોતાની કૃતિઓ માતા પિતા અને સમુદાય સમક્ષ પ્રદર્શનરૂપે રજૂ કરવામાં આવી. જેમાં દરેક કૃતિના નક્કી કરેલા માપદંડ મુજબ નિર્ણાયકશ્રી દ્વારા શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરવામાં આવ્યાં. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે વિવિધ તજજ્ઞો, જિલ્લા તાલીમ ભવન (ડાયટ), સમગ્ર શિક્ષા ગાંધીનગર, તેમજ જી.સી.ઈ.આર.ટી ગાંધીનગરનો સક્રિય સહયોગ મળ્યો હતો.

આમ, સમગ્ર રાજ્યમાં યોજાયેલા ભૂલકાં મેળા કાર્યક્રમમાં આંગણવાડીનાં ૩ -૬ વર્ષનાં બાળકો દ્વારા કુલ ૪૩૪ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી, જેમાં ૩૦૦૦ ઉપરાંત બાળકોએ ભાગ લીધો, શિક્ષણમાં સર્જનાત્મકતા અંતર્ગત ૨૧૮ કૃતિઓ પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર દ્વારા રજૂ કરવામાં આવી. રાજ્યની ૫૩૦૬૫ આંગણવાડીમાંથી ૨૩૧૩ આંગણવાડી કાર્યકરો દ્વારા લો કોસ્ટ, વેસ્ટમાંથી બેસ્ટ શીખવા શીખવવાની સામગ્રીના ૩૨૯૬થી વધુ નમુના પ્રદર્શિત કરવામાં આવ્યાં. આ કાર્યક્રમમાં ૬૦૯૨ બાળકો, તેમનાં વાલી તેમજ ૨૭૧૮૫ થી વધુ દર્શકો હાજર રહ્યાં હતાં.





માન. સચિવશ્રી વ કમિશનરશ્રી, મહિલા અને બાળવિકાસ દ્વારા માર્ગદર્શક ઉદ્‌બોધન




માન. કમિશનરશ્રી (ICDS) દ્વારા સ્વાગત પ્રવચન



પ્રોજેક્ટ પા પા પગલી અંતર્ગત શ્રેષ્ઠ કૃતિઓ માટે પ્રોત્સાહક ઇનામ વિતરણ

# માન.મંત્રીશ્રીના વરદ્ હસ્તે વહાલી દીકરી યોજનાનું વેબ પોર્ટલ લોંચિંગ






તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૫ નાં રોજ મહિલા અને બાળકલ્યાણ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માન. મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાના વરદહસ્તે વહાલી દીકરી યોજનાનો પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. વહાલી દીકરી યોજના અંતર્ગત હાલમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત એન્ટ્રી કરવામાં આવે છે, જેના સ્થાને નવીન ઈ-મહિલા કલ્યાણ પોર્ટલ મહિલા અને બાલવિકાસ વિભાગ ગુજરાત ઇંફોર્મેટિક્સ લિમિટેડ લીમીટેડ (GIL) માધ્યમથી વિકસાવવામાં આવ્યું છે. વિકસાવેલા નવીન પોર્ટલના લાભો નીચે મુજબ છે.

- સમગ્ર અરજી પ્રક્રિયા વધુ ઝડપી, સરળ અને પારદર્શક બનશે.
- અરજદારો પોર્ટલ પર જાતે અરજી કરી શકશે.
- પોતાની અરજીનું ટ્રેકીંગ કરી શકશે.
- લાભાર્થીઓ મંજૂરી હુકમ ડાઉનલોડ કરી શકશે.
- મેસેજ અને ઈ-મેઈલ દ્વારા નોટીફિકેશનની સુવિધા રહેશે.
- આરોગ્ય વિભાગની જન્મદર અંગેની માહિતી આપતી ટેકો+ એપ્લિકેશન સાથે ઇન્ટિગ્રેશન.
- ભારતીય જીવન વીમા નિગમ (ફંડ મેનેજમેન્ટ એજન્સી) દ્વારા તૈયાર કરાયેલા પેમેન્ટ મોડ્યુલનું પોર્ટલ સાથે ઇન્ટિગ્રેશન.




- લાભાર્થી વહાલી દીકરીઓને કેટલા હપ્તાની ચુકવણી થઈ તે જાણી શકાશે.
- વહાલી દીકરી યોજના નવીન પોર્ટલ લોન્ચિંગ URL Portal - www.emahilakayan.gujarat.gov.in
- સી.એમ. ડેશબોર્ડ સાથે ઇન્ટિગ્રેશન થશે.
- જરૂરિયાત મુજબના રિપોર્ટ જનરેટ થઈ શકશે.

**લિંક** : -https://youtu.be/-qcbplqPOn0

# સમગ્ર રાજ્યમાં અંદાજિત રૂ.૧૬.૩૨ કરોડના ખર્ચે ૧૩૬ આંગણવાડી કેન્દ્રોનાં લોકાર્પણ અને ખાતમુહુર્ત કાર્યક્રમ




**GSPCનાં CSR ભંડોળ અંતર્ગત LGSF ટેકનોલોજીના ઉપયોગથી અંદાજિત રૂ. ૧૨.૫૦ કરોડના ખર્ચે ૫૦ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ**

તા. ૦૯/૧૦/૨૦૨૫ ના રોજ વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે થયેલ

- રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અંદાજીત રૂ. ૧૬.૩૨ કરોડના ખર્ચે પરંપરાગત પદ્ધતિનો વપરાશ કરી ૧૧૪ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ૨૨ આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં.
- GSPC ના CSR ભંડોળ અંતર્ગત LGSF ટેક્નોલોજીનો વપરાશ કરી અંદાજીત રૂ.૧૨.૫૦ કરોડના ખર્ચે ૫૦ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ કરવામાં આવ્યાં.
- આમ, કુલ ૨૮.૮૨ કરોડના ખર્ચે ૧૮૬ જેટલાં આંગણવાડી કેંદ્રોનાં લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવ્યાં છે.

# ૮ મો રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૫

# 'સહી પોષણ દેશ રોશન'ના સંકલ્પ સાથે થશે સુપોષિત ગુજરાતનું નિર્માણ




- **રાજ્યભરમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી ૮માં પોષણ માહની મુખ્ય ૬ થીમ પર ઉજવણી**
- **રાજ્યને સુપોષિત બનાવવા, બાળકો, મહિલાઓ અને કિશોરીઓના પોષણ સ્તરમાં સુધારો કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ**
- **મુખ્ય ૬ થીમ પર રાજ્યમાં પોષણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.**

ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને પોષણ માસ તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષે આઠમો પોષણ માહ યોજાઈ રહ્યો છે. સરકાર, નાગરિકો અને સંસ્થાઓના અથાગ પ્રયત્નોના પરિણામે પોષણ અભિયાન જનઆંદોલન બન્યું છે. મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા રાજ્યના બાળકો, માતાઓ અને કિશોરીઓને સુપોષિત બનાવવા અનેક પોષણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. આ વર્ષે દેશભરમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે.

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહી પોષણ દેશ રોશન'ના આહ્વાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારે પોષણલક્ષી અનેક નવતર આયામો હાથ ધર્યા છે. ભારતને કુપોષણ મુક્ત બનાવવાની નેમ સાથે દેશભરમાં દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં 'પોષણ પખવાડિયું' અને સપ્ટેમ્બર




માસમાં 'રાષ્ટ્રીય પોષણ માહ' ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને મહિલા બાળકલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા, બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવાના હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરવામાં આવી છે. મહિલા અને બાળવિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, સામુદાયિક સહભાગિતા એમ બહુવિધ આયામો દ્વારા કુપોષણ નિવારવા માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ પોષણ માહ દરમિયાન નીચે જણાવ્યા મુજબ મુખ્ય ૬ થીમ પર રાજ્યમાં ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પોષણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને નાગરિકોને પોષણ અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

### ૧) સ્થૂળતા અંગે જાગૃતિ- ખાંડ, મીઠું અને તેલનો વપરાશ ઘટાડવો

સ્થૂળતા એ વૈશ્વિક ચિંતાનો વિષય બન્યો છે અને તેનાથી બચવા માટે જાગૃતિ કેળવવી અત્યંત આવશ્યક છે. આ માટે, આપણે આપણા આહારમાં ખાંડ, મીઠું અને તેલનો વપરાશ ઘટાડવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. આ ત્રણેય ઘટકોનો વધુ પડતો ઉપયોગ શરીરના વજનમાં વધારો કરે છે, જેના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, અને હાઈ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધે છે. આ અંગે જનજાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

### ૨) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ECCE) / પોષણ ભી પઢાઈ ભી (PBPB)

પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ECCE) એ બાળકના સર્વાંગી વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. આ કાર્યક્રમ અંતર્ગત 'પોષણ ભી પઢાઈ ભી' (PBPB) પહેલ શરૂ કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને પૌષ્ટિક આહારની સાથે સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનો છે. આ કાર્યક્રમ બાળકોના શારીરિક, માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસને સુનિશ્ચિત કરે છે. આ પહેલ હેઠળ, આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને રમત-ગમત આધારિત શિક્ષણ અને સંતુલિત આહાર અપાય છે.

### ૩) સંયુકત પગલાં અને ડીઝિટલાઇઝેશન

પોષણની કામગીરી પર સર્વાંગી રીતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે સંલગ્ન વિભાગો (આરોગ્ય, શિક્ષણ, કૃષિ, મહિલા અને બાળવિકાસ, પર્યાવરણ, વગેરે) સાથે મળીને



ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે સંકલન

કામ કરવામાં આવે છે. સ્થાનિક સંસ્થાઓ, ફ્રન્ટલાઈન કાર્યકરો (આંગણવાડી, આશા), શાળાઓ અને સમુદાયો સાથે સંકલન કરી આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે. ઝડપ અને ચોકસાઈ વધારવા માટે મોબાઇલ-એપ્લિકેશન પોષણ ટ્રેકરમાં આંગણવાડી કેન્દ્રોની પ્રવૃત્તિઓની એન્ટ્રી કરવામાં આવે છે.

### ૪) નવજાત શિશુ અને નાનાં બાળકોની ખોરાક પ્રથાઓ (IYCF)

નવજાત શિશુ અને નાનાં બાળકોની ખોરાક પ્રથાઓ (IYCF) એ બાળકના યોગ્ય વિકાસ અને પોષણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જન્મના પહેલા છ મહિના સુધી નવજાત શિશુ માટે ફક્ત માતાનું દૂધ જ સર્વોત્તમ આહાર છે. ત્યારબાદ છ મહિના પછી બાળકોને પૂરક આહાર આપવાની શરૂઆત કરવી જોઈએ. આ પદ્ધતિઓનું પાલન કરવાથી બાળકોને સુપોષિત બનાવી શકાશે. પોષણ માહમાં માતા-પિતાઓ અને સંભાળકર્તાઓને યોગ્ય IYCF પ્રથાઓ વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

### ૫) બાળકોના પોષણ અને સાર સંભાળમાં પુરુષોની સહભાગિતા વધારવી

બાળકોના પોષણ અને સાર સંભાળમાં માત્ર માતા જ નહીં પરંતુ પિતા અને પરિવારના અન્ય પુરુષ સભ્યોની ભૂમિકા પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પુરુષોની સક્રિય ભાગીદારી બાળકોના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે. આનાથી પરિવારમાં પોષણ અને આરોગ્ય સંબંધિત નિર્ણયો લેવામાં સરળતા આવશે અને માતા પરનો ભાર પણ હળવો થશે. પિતા બાળકોની સંભાળ રાખવામાં ભાગ લે છે, ત્યારે બાળકોમાં સુરક્ષાની ભાવના વધે છે અને તેમનો માનસિક અને ભાવનાત્મક વિકાસ વધુ સારો થાય છે.

### ૬) 'વોકલ ફોર લોકલ' - સ્થાનિક ખાદ્ય પદાર્થો અને ખોરાક પ્રથાઓને પ્રોત્સાહન

'વોકલ ફોર લોકલ' એ આત્મનિર્ભર ભારતનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ પહેલ સ્થાનિક ખાદ્ય પદાર્થો અને પરંપરાગત ખોરાક પ્રથાઓને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે. આપણા દેશમાં દરેક પ્રદેશમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના પૌષ્ટિક અને સ્વસ્થ આહાર આધુનિક પ્રોસેસ્ડ ફૂડ કરતાં વધુ ફાયદાકારક છે. સ્થાનિક ખોરાકનું સેવન કરવાથી માત્ર શરીરને જ નહીં પરંતુ પર્યાવરણ અને સ્થાનિક અર્થતંત્રને પણ ફાયદો થશે.



મહિલા અને બાળકલ્યાણ વિભાગના સકારાત્મક પ્રયત્નો અને સમાજના સહયોગથી 'સ્વસ્થ અને સુપોષિત ગુજરાત' બનાવવાની દિશામાં એક મજબૂત પગલું ભરવામાં આવ્યું છે. આ મિશનનો હેતુ દરેક નાગરિકના જીવનમાં તંદુરસ્તી અને સંતુલિત આહાર સુનિશ્ચિત કરવાનો છે. વિભાગ દ્વારા પોષણ માહના સફળ અમલીકરણ માટે સંલગ્ન વિભાગોના નોડલ ઓફિસરશ્રીઓ સાથે બે વખત મિટિંગ કરી જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જિલ્લાના અધિકારીશ્રીઓને પણ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પોષણ માહની થીમ અને માસ દરમ્યાન દરેક દિવસે કરવાની થતી પ્રવૃત્તિઓ વિશે અવગત કરવામાં આવ્યા છે અને પત્રવ્યવહારથી પણ જાણ કરી છે. તમામ સ્તરે કરવામાં આવતી પ્રવૃત્તિઓની ‘જન આંદોલન’ ડેશબોર્ડ પર એન્ટ્રી થાય અને રાજ્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં તથા લોકોને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં દેશભરમાં મોખરે રહે તે માટે નિયમિતપણે ઉચ્ચ કક્ષાએથી સમીક્ષા કરવામાં આવે છે. તા.૦૪/૧૦/૨૦૨૫ સુધીમાં નીચે મુજબ વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી છે.

- આઠમા પોષણ માહમાં સમગ્ર દેશમાં ૧૩ કરોડ કરતાં વધારે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.
- આઠમા પોષણ માહમાં ગુજરાતમાં ૧ કરોડ ૨૮ લાખ કરતાં વધારે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.
- જેમાં, મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા ૭૧ લાખ, આરોગ્ય વિભાગ દ્વારા ૬.૨૬ લાખ, શિક્ષણ વિભાગ દ્વારા ૬.૫૨ લાખ, આયુષ (આરોગ્ય) વિભાગ દ્વારા ૫.૬૦ લાખ, કૃષિ વિભાગ દ્વારા ૩.૪૮ લાખ, પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨.૬૦ લાખ, રમત-ગમત અને યુવક સેવા વિભાગ દ્વારા ૨.૦૫ લાખ અને પંચાયત વિભાગ દ્વરા ૩.૬૪ લાખ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત, માહિતી ખાતા દ્વારા ૨.૧૧ લાખ, આદિજાતિ વિભાગ દ્વારા ૨.૦૯ લાખ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા ૨.૭૩ લાખ, મજૂર કલ્યાણ વિભાગ દ્વારા ૨.૦૩ લાખ, ગ્રામવિકાસ વિભાગ દ્વારા ૩.૦૯ લાખ, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૨.૮૯ લાખ, શહેરી વિકાસ વિભાગ દ્વારા ૨.૪૮ લાખ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ૨.૭૩ લાખ અને સામાજિક ન્યાય તથા અધિકારીતા વિભાગ દ્વારા ૧.૩૫ લાખ જેટલી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

## મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાના હસ્તે

# ૨૩૩ આંગણવાડી કેન્દ્રોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળકલ્યાણનું કાર્યાલય, ગુજરાત સરકાર-ના વરદ હસ્તે ગાંધીનગર ખાતેથી ૨૩૩ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાના હસ્તે તા. ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ગાંધીનગર ખાતેથી ૨૩૩ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. મહિલા અને બાળવિકાસ વિભાગના સંકલિત બાળવિકાસ સેવા યોજના અંતર્ગત ગુજરાતનાં નાનાં ભૂલકાંઓને પૂર્વપ્રાથમિક શિક્ષણ સાથે પોષણ મળી રહે તે હેતુસર રાજ્યભરમાં આંગણવાડી કેન્દ્રો કાર્યરત આવ્યાં હતાં.

માન.મંત્રીશ્રીના હસ્તે આંગણવાડીની કામગીરીને વધુ સક્ષમ બનાવવા માટે રૂ. ૩૭.૪૮ કરોડના ખર્ચે ૧ સેજા કચેરી, ૧ ઘટક કચેરી અને ૨૩૩ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગર ખાતે નવનિર્માણ પામનારી આંગણવાડી કેન્દ્રોનું ખાતમુહૂર્ત અને GSPCના CSR ભંડોળ અંતર્ગત Light Guage Steel Frame (LGSF) ટેક્નોલોજીના ઉપયોગથી નવનિર્મિત આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવેલું.

નવા આંગણવાડી કેન્દ્રો મારફતે આઈસીડીએસ હેઠળ અપાતી વિવિધ સેવાઓના લાભ વધુ સરળતાથી આપી શકાશે. બાળકોને પૂર્વપ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય સેવાઓ બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ ધરાવતી જગ્યા પર વધુ સારી રીતે પૂરું પાડી શકાશે. આંગણવાડીના પોતાનાં મકાન ધરાવતાં કેન્દ્રોમાં પોષણ વાટિકા અને વરસાદી પાણીના સંચય જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાશે. જે બાળકોના સર્વાંગી વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

# માન. મુખ્ય સચિવશ્રીની કરાઈ ખાતે આંગણવાડી કેન્દ્રની મુલાકાત



- તા. ૨૫.૦૭.૨૦૨૫ ના રોજ માન.મુખ્ય સચિવશ્રી દ્વારા ગાંધીનગર જિલ્લાના કરાઇ ગામ ખાતે GSPC ના CSR ભંડોળ અંતર્ગત LGSF (લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ) ટેક્નોલોજીના વપરાશથી બનાવવામાં આવેલા આંગણવાડી કેંદ્રની રૂબરૂ સ્થળ મુલાકાત કરવામાં આવી હતી.
- આ આંગણવાડી કેંદ્ર GSPC ના CSR ભંડોળ અંતર્ગત LGSF (લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ) ટેક્નોલોજીના વપરાશથી બનનારાં ૬૨૫ આંગણવાડી કેંદ્રો પૈકીની ડેમો આંગણવાડી કેંદ્ર છે.








- જેમાં માન .મુખ્ય સચિવશ્રી દ્વારા નવીન ટેક્નોલોજીથી બનેલું આંગણવાડી કેંદ્ર, તેમા ઉપલબ્ધ સુવિધા અને તેની ગુણવત્તા અંગે જરૂરી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- વધુમાં, આ સાથે આઇ.સી.ડી.એસ.ની વિવિધ યોજનાઓનું પણ મૂલ્યાંકન માન.મુખ્યસચિવશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.
- સ્થળ મુલાકાતના અંતે આંગણવાડી કેંદ્રના પ્રાંગણમાં માન.મુખ્યસચિવશ્રી અને અન્ય મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

# પોષણ સંગમ જાગૃતિ દિવસની રાજ્યવ્યાપી ઉજવણી



પોષણ સંગમ જાગૃતિ દિવસની ઉજવણી અમદાવાદ મહાનગરપાલિકા

રાજ્યના તમામ કુપોષિત બાળકો સુપોષિત અને તંદુરસ્ત બને તથા સ્વસ્થ અને ખુશહાલ ગુજરાતનું નિર્માણ થાય તે હેતુથી તમામ જિલ્લાઓ તથા કોર્પોરેશનમાં પોષણ સંગમ કાર્યક્રમ એકસાથે અમલીકરણ કરવામાં આવી રહ્યો છે. પોષણ સંગમ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ માન. મંત્રીશ્રી મહિલા અને બાળવિકાસ શ્રીમતી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં તા.૨૩/૦૫/૨૦૨૫ના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યો હતો.

રાજ્યના તમામ બાળકોને તંદુરસ્ત બનાવવાના અભિયાનમાં 'પોષણ સંગમ' કાર્યક્રમ માઇલસ્ટોન સાબિત થનાર છે. પોષણને માત્ર ખોરાક જ નહીં, પરંતુ જીવનશૈલી બનાવવાની જરૂર છે. બાળકોને સુપોષિત બનાવવામાં સામૂહિક રીતે સમુદાયમાં સંકલિત પ્રયાસો કરવા પણ એટલા જ જરૂરી છે. યોગ્ય પોષણ, જરૂરી કાળજી અને યોગ્ય સારવાર થકી ગુજરાતને સુપોષિત બનાવી શકાશે. જેથી આ 'પોષણ સંગમ' કાર્યક્રમને આઇસીડીએસ અંતર્ગત ઉજવવામાં આવતાં ચાર મંગળ દિવસ પૈકી એક મંગળ દિવસ સાથે સાંકળી તેનો વિશાળ ફલક પર પ્રચાર પ્રસાર થાય, બાળકોની પોષણ સંબંધિત કાળજી અને સંભાળ સાથે જોડાયેલા તમામ લોકો આ કાર્યક્રમથી માહિતગાર થાય તે હેતુથી રાજ્યવ્યાપી ઉજવણી કરવાનું ઉચ્ચ કક્ષાએથી નક્કી કરવામાં આવ્યું હતું.



પોષણ સંગમ જાગૃતિ દિવસની ઉજવણી રાજકોટ ગ્રામ્ય

### ૧. તારીખ તથા કાર્યક્રમનો સમય

- પ્રથમ પોષણ સંગમ જાગૃતિ દિવસ તા.૦૭/૧૦/૨૦૨૫ પહેલો મંગળવાર સુપોષણ સંવાદના દિવસે બે કલાક માટે આયોજન સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યું હતું.

### ૨.ક્યાં ઉજવણી કરવામાં આવી

- ગ્રામ્ય લેવલે ગામદીઠ તથા શહેરી લેવલે વોર્ડદીઠ આયોજન કરવામાં આવ્યું હતું.
- પંચાયતનો હૉલ, આંગણવાડી કેન્દ્ર અથવા કોઈ પણ મોટી જગ્યાએ આયોજન કરવામાં આવ્યાં હતા.

### ૩. કોણ-કોણ હાજર રહ્યું

- આંગણવાડીના તમામ લાભાર્થીઓના વાલીઓ, સરપંચ, સ્થાનિક અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, દૂધ સહકારી મંડળીના હોદ્દેદારો, ગ્રામસેવક, સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ તથા અન્ય આગેવાનો. અમુક જગ્યાએ સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ૪. કાર્યક્રમની પૂર્વ તૈયારી

- કાર્યક્રમનું સ્થળ નક્કી કરવામાં આવ્યું હતું.
- જિલ્લામાંથી આપેલા નમૂના મુજબ પોષણ માસનું બેનર તૈયાર કરાવવામાં આવ્યું હતું.
- સ્થાનિક સ્તરે બાળકો અને કિશોરીઓની સહભાગિતાથી આમંત્રણપત્રિકાઓ બનાવવી તથા બે દિવસ અગાઉ વહેંચણી કરવામાં આવી હતી.
- કાર્યક્રમના આગળના દિવસે તા. ૬/૧૦/૨૦૨૫ ના રોજ ઢોલ વગાડીને ગામમાં જાહેરાત કરાવવામાં આવી હતી. ઘણા જિલ્લાઓમાં રાજ્ય કક્ષાએથી આપવામાં આવેલા પોષણ સંગમ અંગેના જાગૃતિ ગીત દ્વારા રિક્ષા પર માઈક બાંધીને પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો.
- કાર્યક્રમ માટે દીપ પ્રાગટ્ય, પોષણ ટોકરી વગેરે અગાઉથી તૈયાર કરવામાં આવ્યાં હતાં.
- કાર્યક્રમના સ્થળ પર સ્વચ્છતા તથા બેઠક માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

### ૫. કાર્યક્રમના દિવસની કામગીરી

- ફૂલો તથા રંગો વડે કિશોરીઓ અને અન્ય લાભાર્થીઓ પાસે રંગોળી કરાવવામાં આવી હતી.



પોષણ સંગમ જાગૃતિ દિવસની ઉજવણી વડોદરા મહાનગરપાલિકા

- કાર્યકર/મુખ્યસેવિકા દ્વારા પોષણ સંગમ કાર્યક્રમ તથા ગામની પોષણ સ્થિતિ વિષે જાણકારી આપવામાં આવી હતી.
- પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત સામાન્ય સ્થિતિમાં આવેલાં અથવા અપગ્રેડ થયેલાં બાળકોના વાલીઓના અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યાં હતા.
- શક્ય બન્યું ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા NRC/CMTCની સમજ અપાવવામાં આવી હતી.
- પોષણ સફાઈ અને આરોગ્ય સંબંધિત સંદેશાઓ પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો.

• **પ્રદર્શન સ્ટોલ:**

- કાર્યક્રમના સ્થળે પોષણ સંગમ અંતર્ગત બાળકોના રેકોર્ડ નિભાવવા માટે બનાવવામાં આવેલાં કાર્ડ ૧, ૨, અને ૩ વિષે સમજ આપતા સ્ટોલ અથવા પોસ્ટર લગાવવામાં આવ્યાં હતાં.
- આઇસીડીએસ યોજના થકી આંગણવાડીમાં મળતી સેવાઓ વિષે જાણકારી આપવામાં આવી હતી.
- THR (Take Home Ration) માંથી બનાવવામાં આવતી વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
- પ્રિ-સ્કૂલ તથા પૂર્ણા કીટ પ્રદર્શન અને પૂર્વપ્રાથમિક શિક્ષણ અને કિશોરીઓને અપાતા લાભથી માહિતગાર કરવામાં આવ્યાં હતા.

### ૬. પોષણ સંગમ જાગૃતિ દિવસ ઉજવણી કાર્યક્રમની અંદાજિત રૂપરેખા

- મહેમાનો તથા આમંત્રિતોનું આગમન
- સ્ટોલની મુલાકાત
- દીપ પ્રાગટ્ય તથા શાબ્દિક સ્વાગત
- પોષણ ટોકરી વડે સ્વાગત
- કાર્યકર દ્વારા પોષણ સંગમ કાર્યક્રમ વિષે જાણકારી
- કાર્યકર દ્વારા ગામની પોષણસ્થિતિ વિષે માહિતગાર કરવા
- વાલીઓના અભિપ્રાયો રજૂ કરવા
- કમ્યુનિટી ગ્રોથ ચાર્ટ વિષે ગામ લોકોને સમજ આપવી
- મહાનુભાવોનું પ્રવચન
- અપગ્રેડ બાળકોને પ્રમાણપત્ર વિતરણ
- આભાર વિધિ



પોષણ સંગમ જાગૃતિ દિવસની ઉજવણી વલસાડ

(NNM, PSE, કિશોરી અથવા બાળકો દ્વારા પોષણ તથા સ્વાસ્થ્ય પર કેટલીક જગ્યાએ કૃતિઓ પણ રજૂ કરવામાં આવેલી છે)

## ૭. બાળકો અને વાલીઓને સન્માન

- પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત જે બાળકોની પોષણ સ્થિતિમાં સુધારો થયો હતો (લાલમાંથી પીળા કે લીલા ગ્રેડમાં આવ્યાં હતા અથવા પીળામાંથી લીલા ગ્રેડમાં આવ્યાં હતાં) તેવાં તમામ બાળકોનાં પેરેંટ્સ (માતા-પિતા)નું પોષણ સંગમના લોગોવાળા ખાદીના હાથરૂમાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત આંગણવાડીનાં તમામ બાળકોને ક્રેયોન્સ કલર અને કલર બુક આપવામાં આવી હતી.

## ૮. પરિણામ

પોષણ સંગમ જાગૃતિ દિવસની ઉજવણી સમગ્ર રાજ્યમાં ૨૯૩૪૮ સ્થળોએ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અંદાજે ૫૦૫૨૭ આગેવાનો/અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમના માથે ભારતના આવતીકાલના ભવિષ્યની જવાબદારી છે તેવાં (બાળકોના) વાલીઓ ૧૪૪૩૬૦ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ હાજર રહેલા લોકોને સંખ્યા ૨૪૩૪૩૫ જેટલી છે. જે બાળકોની પોષણ સ્થિતિમાં સુધારો થયો હતો (લાલમાંથી પીળા કે લીલા ગ્રેડમાં આવ્યાં હતાં અથવા પીળામાંથી લીલા ગ્રેડમાં આવ્યાં હતાં) તેવાં બાળકોની સંખ્યા ૫૩૭૨૨ હતી, જેમાંથી ૫૧૫૩૦ જેટલાં બાળકોને ક્રેયોન્સ કલર અને કલરબુક (ચિત્રપોથી) તથા તેમનાં વાલીઓને પોષણ સંગમ કાર્યક્રમના લોગોવાળા ખાદીના રૂમાલથી સન્માનિત કરવામાં આવ્યાં હતા. પોતાનાં બાળકોના પોષણ સ્તરમાં સુધારો થયો હોય અને કાર્યક્રમથી ફાયદો થયો હોય તેવા વાલીઓમાંથી ૩૬૯૯ જેટલા વાલીઓએ વીડિયો બાઇટસથી પોતાનાં પ્રતિભાવ આપ્યા હતા.

આ કાર્યક્રમથી સમગ્ર રાજ્યમાં પોષણ સંગમ જાગૃતિ દિવસનો પ્રચાર-પ્રસાર થયો છે, જે લોકોને આ કાર્યક્રમ વિશે આછી-પાતળી માહિતી હતી તેઓ તેના વિશે વિશેષ જાણતા થયા છે. કાર્યક્રમમાં લોકોની જનભાગીદારી વિકસાવી શક્યા. વાલીઓ અને અન્ય હિતધારકો બાળકોના પોષણ બાબતે વધારે સંવેદનશીલ બન્યા છે.

# સ્તનપાન છે શ્રેષ્ઠ રોકાણ, ભવિષ્ય માટે શ્રેષ્ઠ આધાર : વિશ્વ સ્તનપાન સપ્તાહ-૨૦૨૫

દર વર્ષે ૧ થી ૭ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર વિશ્વમાં વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવવામાં આવે છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫ ની થીમ - "સ્તનપાન છે શ્રેષ્ઠ રોકાણ, ભવિષ્ય માટે શ્રેષ્ઠ આધાર". આ થીમ આપણને યાદ અપાવે છે કે માતાનું દૂધ બાળક માટે જીવનનું સૌથી મોટું રોકાણ છે. કુદરતી, મફત અને સંપૂર્ણ પોષણ આપતું સ્તનપાન બાળકને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવે છે. બાળકનું પ્રથમ એક કલાકમાં શક્ય તેટલું વહેલું સ્તનપાન બાળક માટેનું સૌથી પહેલું કુદરતી રસીકરણ છે.

માત્ર સ્તનપાન કરાવાતાં બાળકોમાં ઝાડા, શ્વાસના ચેપ અને કુપોષણનું જોખમ ખૂબ જ ઓછું રહે છે. માતા માટે પણ સ્તનપાન ફાયદાકારક છે - પ્રસૂતિ પછી શરીર ઝડપથી સ્વસ્થ બને છે અને કેટલાંક કેન્સર થવાની શક્યતાઓને પણ ઘટાડે છે. એટલે સ્તનપાન એક કુદરતી પ્રક્રિયા જ નહીં, પરંતુ પરિવાર અને રાષ્ટ્રના ભવિષ્ય માટેનું શ્રેષ્ઠ રોકાણ છે.

વર્ષ, ૨૦૨૫નાં વિશ્વ સ્તનપાન સપ્તાહ અંતર્ગત નીચેની મુખ્ય ત્રણ થીમ આધારિત પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧. IMS એક્ટ અંગે જનજાગૃતિ
૨. સ્તનપાનને પ્રોત્સાહન : પ્રથમ ૬ મહિના સુધી
૩. ૬ મહિના પૂરા થાય પછી ઉપરી આહારની શરૂઆત, સાથે સ્તનપાન ચાલુ રાખવું

### ૧. IMS એક્ટ - બાળક માટે કાનૂની રક્ષા

ઘણી વખત દૂધના વિકલ્પો, બોટલ અથવા ઇન્ફન્ટ ફૂડનો ભ્રામક પ્રચાર માતાઓને ભ્રમિત કરે છે. આથી સરકારે IMS એક્ટ (Infant Milk Substitutes, Feeding Bottles and Infant Foods Act, 1992) લાગુ કર્યો છે. આ કાયદો ૦ થી ૨ વર્ષનાં બાળક માટે વૈકલ્પિક દૂધ કે બોટલના દૂધના પ્રચાર, જાહેરાત કે મફત નમૂના વિતરણને પ્રતિબંધિત કરે છે. સમાજમાં આ એક્ટ અંગે જાગૃતિ જરૂરી છે, જેથી માતાઓ ખોટા પ્રચારનો શિકાર ન બને અને બાળકોના આરોગ્ય સાથે કોઈ બાંધછોડ ન થાય.

### ૨. સ્તનપાનને પ્રોત્સાહન : પ્રથમ ૬ મહિના સુધી

જીવનના પ્રથમ છ મહિના સુધી માત્ર માતાનું દૂધ જ બાળક માટે શ્રેષ્ઠ આહાર છે. આ સમયગાળા દરમિયાન બાળકને પાણી, મધ કે અન્ય કોઈપણ પદાર્થો આપવાની જરૂર નથી. માતાનું દૂધ જ તેની ભૂખ, તરસ અને રોગપ્રતિકારક શક્તિની જરૂરિયાત પૂરી કરે છે. તેથી આ સમયગાળામાં માત્ર સ્તનપાનને પ્રોત્સાહન આપવું એ બાળકના આરોગ્ય અને સંપૂર્ણ વિકાસ માટે અત્યંત જરૂરી છે.

### ૩. ૬ મહિના પૂરા થાય પછી ઉપરી આહારની શરૂઆત, સાથે સ્તનપાન ચાલુ રાખવું

જ્યારે બાળક છ મહિના પૂર્ણ કરે છે ત્યારે તેની વૃદ્ધિ અને પોષણની જરૂરિયાતો વધે છે. એ સમયે માતાના દૂધ સાથે સાથે ઘરમાં જ બનાવેલો આહાર, જેમ કે ખીચડી, દાળ-ચોખા, અર્ધ ઘટ્ટ રાબ, મસળેલાં ભાજી - ફળો વગેરે આપવાની શરૂઆત કરવી જોઈએ. પરંતુ યાદ રાખવું કે સ્તનપાન ચાલુ જ રાખવું જોઈએ, કારણ કે માતાનું દૂધ બાળકને બે વર્ષ કે તેથી વધુ સમય સુધી પણ જરૂરી પોષણ અને રક્ષણ પૂરું પાડે છે.

આ મુખ્ય બાબતોને ધ્યાને લઈને રાજ્યમાં વિશ્વ સ્તનપાન સપ્તાહ : ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી.

### વિશ્વ સ્તનપાન સપ્તાહ દરમ્યાન પ્રવૃત્તિઓ

ગુજરાત સરકારના ICDS વિભાગ દ્વારા આ સપ્તાહમાં રાજ્ય - જિલ્લા - બ્લોક - સેજા અને આંગણવાડી કેન્દ્રો પર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

**રાજ્ય સ્તરીય કાર્યક્રમ:**

વિશ્વ સ્તનપાન સપ્તાહ, ૨૦૨૫ના ભાગરૂપે મહિલા અને બાળા વિકાસ વિભાગના કોન્ફરન્સ હોલમાં રાજ્યસ્તરીય કાર્યક્રમનું આયોજન માનનીય સચિવશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. જેમાં તમામ જિલ્લા અને કોર્પોરેશનના પ્રોગ્રામ ઑફિસરશ્રીઓ હાજર રહ્યા હતા.

**દૂરદર્શન પર ટોક શો**

સ્તનપાનના ફાયદાઓ અને આઈ. એમ. એસ. એકતા વિશે જાગૃતિ અને માહિતીને જનસામાન્ય સુધી પહોંચાડવા માટે દૂરદર્શન દ્વારા ટોક શોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્તનપાન સબધિત સમસ્યાઓ અને આઈ. એમ. એસ. એક્ટ સંબંધિત પ્રશ્નોનાં જવાબ વિષય નિષ્ણાતો દ્વારા આપવામાં આવ્યાં હતા.

**SATCOM દ્વારા આરોગ્ય અને ICDSનાં ક્ષેત્રીય કર્મચારીઓ માટે ડિજિટલ તાલીમ.**

આરોગ્ય અને ICDSના ક્ષેત્રીય કર્મચારીઓ માટે સેટકોમ દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં સ્તનપાનનું મહત્ત્વ સમજાવવા, ક્રોસ-ક્રેડલ હોલ્ડ, સ્તનપાનની અન્ય તકનીકો - સ્તનપાનની અન્ય સ્થિતિઓનું પ્રદર્શન, ખાસ કરીને બાજુ પર પડવું, ફૂટબોલ હોલ્ડ અને આરામ કરવાની પદ્ધતિઓ વિશે મહત્ત્વપૂર્ણ વિષયોને આવરી લેતી અસરકારક સ્તનપાન તકનીકોની ખાતરી કરવા માટે વિવિધ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઈ. એમ. એસ. એક્ટ સબંધે પણ પ્રેઝન્ટેશન દ્વારા સમજ આપવામાં આવી હતી.

**SMC સ્ટાફ દ્વારા ટેલિ કાઉન્સેલિંગ**

SMC સ્ટાફના કાઉન્સેલરો દ્વારા સ્તનપાન અંગેની મહત્ત્વપૂર્ણ માહિતી સ્તનપાન કરાવતી માતાઓ તેમજ છેલ્લા ત્રિમાસિક ધરાવતી સગર્ભા માતાઓ સુધી પહોંચે તે માટે સાત દિવસ દરમિયાન કોલ કરવામાં આવ્યાં. આ કોલ દરમિયાન લાભાર્થી અને તેના પરિવારના પ્રશ્નોનું સમાધાન પણ કરવામાં આવ્યું.

**સોશિયલ મીડિયા**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સમુદાયમાં આઈ. એમ. એસ. એક્ટ અને સ્તનપાનની જાગૃતિને પ્રોત્સાહન આપવા પહોંચવા માટેનાં મુખ્ય માધ્યમો રહ્યાં. મહિલા અને બાળ-વિકાસ વિભાગના ફેસબુક પેજ પર વિવિધ વીડિયો, રીલ્સ, જીઆઈએફ, ડિજિટલ પોસ્ટર અને વિઝ્યુઅલ એડ્સ વગેરે તૈયાર કરીને શેર કરવામાં આવ્યાં હતાં, સમાજના દરેક તબક્કાના લોકો સુધી પહોંચવા માટે એક્સ અને વોટ્સેપ જેવાં માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો. જેમાં જન્મ પછીના ૧ કલાકની અંદર સ્તનપાનના મહત્ત્વ પર સામગ્રી તૈયાર કરવામાં આવી હતી. વિશિષ્ટ સ્તનપાન અને ૨ વર્ષ સુધી સ્તનપાન ચાલુ રાખવાની સાથે પૂરક ખોરાકની સમયસર શરૂઆત ઉપરાંત આઈ. એમ. એસ. એક્ટ વિષે જાગૃતિ મહત્ત્વના વિષયો હતા.

**જિલ્લા - બ્લોક - સેજા અને આંગણવાડી કેન્દ્રો પર યોજાયેલા કાર્યક્રમ:-**

જિલ્લા કક્ષાએ પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા જિલ્લાપંચાયતના સભ્યો સાથે તથા બ્લોક કક્ષાએ તાલુકા પંચાયતના સભ્યો સાથે સ્તનપાન સંબંધિત આદતો બાબતે બેઠકોનું આયોજન કરેલું તથા પ્રસૂતિ સ્થળની મુલાકાત દ્વારા વિશાળ જનસમુદાયને વિશ્વ વ્યાપી સ્તનપાન સપ્તાહની ઉજવણી થકી જાગૃતિ લાવવાના વ્યાપક પ્રયત્નો કરવામાં આવ્યા છે.

સેજા કક્ષાએ તથા ગ્રામ્ય કક્ષાએ મુખ્યસેવિકા અને આંગણવાડી કાર્યકર દ્વારા સુપોષણ સંવાદ અને મમતા દિવસે સ્તનપાન સંબંધી કાઉન્સિલિંગના કાર્યક્રમોનું આયોજન કરી સ્તનપાનના મહત્ત્વ વિશે સમજ આપવામાં આવી હતી. આશા બહેન તથા ફિમેલ હેલ્થ વર્કર બહેનો સાથે સંકલનમાં રહી ગ્રામ્ય કક્ષાએ સગર્ભા અને ધાત્રીમાતાઓની ગૃહ મુલાકાત કરી સ્તનપાન સંબંધિત આદતો અંગેની જાગૃતિ લાવવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં હતા.

# આંગણવાડી કેન્દ્રમાં સોનેરી ભવિષ્ય માટે બાળઘડતર



પ્રાઈવેટ પ્રિ-સ્કૂલમાંથી આંગણવાડી કેન્દ્રમાં પુનઃપ્રવેશ મેળવેલ બાળકો

આજના આધુનિકયુગમાં શિક્ષણ ક્ષેત્ર હરણફાળ ભરી રહ્યું છે અને સમાજનો દરેક વર્ગ પોતાનાં બાળકની શૈક્ષણિક સિદ્ધિ માટે તાલ મિલાવવા પ્રયત્ન કરી રહ્યો છે. ત્યારે અસહ્ય મોંઘવારીમાં પણ વાલી એકબીજાની દેખાદેખીમાં ઊંચી ફી ભરીને પણ પોતાનાં બાળકોને ખાનગી પ્રિ-સ્કૂલમાં મૂકી રહ્યા છે. જ્યારે રાજ્યના છેવાડાના અંતરિયાળ વિસ્તારના જનસમુદાય સુધી સંકલિત બાળવિકાસ સેવા યોજના દ્વારા આંગણવાડીમાં તમામ બાળકોને પૂર્વપ્રાથમિક શિક્ષણની સેવા નિઃશુલ્ક અપાઈ રહી છે.

આ વાત છે નવસારી જિલ્લાના ઘટક વાંસદા-૨ના આંગણવાડી કેન્દ્ર :-ચાપલધરા-૧ જેમાં ૩ થી ૬ વર્ષનાં કુલ ૨૦ બાળકો નોંધાયેલાં અને એક વર્ષ સુધી આંગણવાડીમાં નિયમિત આવતાં હતાં. આંગણવાડીમાંથી એકસાથે ૮ બાળકોના વાલીએ પોતાનાં બાળકોને ગામના જ બીજા પરામાં ચાલતી ખાનગી પ્રિ-સ્કૂલમાં દાખલ કર્યાં. આંગણવાડી કાર્યકરબહેન દિવ્યાબેન ધનગરે ખૂબ જ દુઃખની લાગણી અનુભવી, પરંતુ તેમણે હાર ન માની. આંગણવાડી કાર્યકર અને યોગીતાબેન ગાંવિત પી.એસ.ઈ ઈન્સ્ટ્રક્ટર દ્વારા ખાનગી પ્રિ-સ્કૂલમાં જતાં રહેલાં બાળકોના વાલી સાથે સતત પરામર્શન કરવાનું શરૂ કર્યું અને કારણ જાણવાના પ્રયત્નો કર્યા.

સાથે જ આંગણવાડીનાં બાળકોનું વાલી વોટ્સએપ ગ્રુપ બનાવેલું, જેમાં આંગણવાડીમાં આવતાં તમામ બાળકોના વાલીની સાથે ખાનગી પ્રિ-સ્કૂલમાં ગયેલાં બાળકોના વાલીને પણ જોડેલા રાખ્યા અને આ ગ્રુપમાં દૈનિક થીમેટિક અભ્યાસક્રમ મુજબની પ્રવૃત્તિઓ, બાળદિવસ અને વિવિધ ઉજવણીના ફોટોગ્રાફ્સ, વીડિયો, ડિજિટલ કેલેન્ડર, ઉંબરે આંગણવાડી એપિસોડની લિંક મૂકવાની ચાલુ જ રાખી. આ જોઈ વાલી પોતાનો પ્રતિભાવ પણ આપવા લાગ્યા.

સમય જતાં ખાનગી પ્રિ-સ્કૂલમાં ઊંચી ફી ભરવાની સાથે બેગ, યુનિફોર્મ, બુક, કલર વગેરેનો ખર્ચ અને બાળકને રોજ લેવા-મૂકવા જવાની પણ જવાબદારી વધી ગઈ. સાથે સાથે નાસ્તાની પણ ચિંતા રહેતી કે બાળકને આજે શું નાસ્તો આપવો? વગેરે જેવી ચિંતા વાલીને થવા લાગી. પોતાનાં બાળકો સાથે ખાનગી પ્રિ-સ્કૂલમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિ વિશે વાતચીત કરી તો બાળકો પાસેથી કોઈ પ્રત્યુત્તર ન મળ્યો. બાળકોને પણ ત્યાં ગમતું નહિ અને ઉદાસ થઈને જતાં. ખાનગી પ્રિ-સ્કૂલમાં બાળકના યોગ્ય વિકાસ અંગે જાણકારી ન મળતાં વાલી પણ નિરાશ થયા.

બાળકને આંગણવાડીમાંથી બે વખત ગરમ પૌષ્ટિક નાસ્તો, ગુણવત્તાસભર પૂર્વ પ્રાથમિક શિક્ષણ, બે જોડી








અભ્યાસક્રમ અનુસાર પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિ કરતાં બાળકો

યુનિફોર્મ, પ્રવૃત્તિ પુસ્તિકા, ચિત્રપોથી અને વેક્સ ક્રેયોન વગેરે સેવા નિ:શુલ્ક મળતી અને બાળકોની વ્યક્તિગત 'મારી વિકાસયાત્રા' દ્વારા વિકાસ અંગે જાણકારી પણ મળી રહેતી.

આ તમામ પરિસ્થિતિનો સામનો કર્યા પછી આ આઠ બાળકોના વાલીએ જાતે જ આંગણવાડી કેન્દ્રમાં પોતાનાં બાળકોનો પુન:પ્રવેશ કરાવ્યો અને તેમને નિયમિત મોકલતા થયા. પૂર્વ પ્રાથમિક શિક્ષણની વિવિધ ગુણવત્તાસભર પ્રવૃત્તિઓને લીધે ફરીથી હવે આંગણવાડીમાં નોંધાયેલાં ૩ થી ૬ વર્ષનાં બાળકોની હાજરી ૧૦૦% થઇ છે. આ સુંદર કામગીરી માટે કાર્યકરબેન અને તેડાગરબેનને પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર, મુખ્યસેવિકા, સી.ડી.પી.ઓ અને ખાસ વાલીનો સાથ સહકાર મળેલો છે.

આમ, વાલીની સમજ અને જાગરુકતા વધી અને તેઓ સમજતા થયા કે આંગણવાડીમાં જ તેમનાં બાળકોનું સાચું ભવિષ્ય ઘડતર થાય છે અને તેના માટે તેમણે ફક્ત બાળકોને નિયમિત આંગણવાડીમાં મોકલવાનાં છે!!!!! આ સમજ સાથે તેમનો આંગણવાડીની દરેક પ્રવૃત્તિઓમાં સાથ સહકાર વધ્યો અને તેમનાં બાળકોનું ગુણવત્તાપૂર્ણ ભવિષ્ય સુનિશ્ચિત કર્યું.

# વાલી જાગૃતિ અભિયાન થકી આંગણવાડી કેન્દ્રમાં નામાંકનની સિદ્ધિ







ભીંતસૂત્રો અને રેલી

બાળકના સર્વાંગી વિકાસમાં પૂર્વપ્રાથમિક શિક્ષણનું ખૂબ મહત્ત્વ છે. બાળકને યોગ્ય ઉંમરે, યોગ્ય વાતાવરણ મળે તો તેના ભવિષ્યના જીવનની ગુણવત્તા શ્રેષ્ઠ હોય છે. બાળકના જીવનમાં ગર્ભાવસ્થાથી લઈને ૮ વર્ષ સુધીનો સમયગાળો તેના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્ત્વનો છે. જો આ તબક્કો બાળક ચૂકી જાય તો એની પૂર્તતા આગળના જીવનમાં કરવી ખૂબ મુશ્કેલ હોય છે અને તેની અસર તેના ભવિષ્યના જીવનની ગુણવત્તા પર ઊંડી છાપ છોડી જાય છે. આ સમજ તેમનાં વાલીમાં કેળવવી પણ ખૂબ જરૂરી છે. આ માટે વાલી જાગૃતિના સતત પ્રયત્નો આંગણવાડી કાર્યકર અને પા પા પગલી પ્રોજેક્ટના પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

ફક્ત વાલી જ નહિ પણ સમગ્ર જનસમુદાય સુધી આંગણવાડીમાં અપાતા પાયાના શિક્ષણ એવા પૂર્વપ્રાથમિક શિક્ષણ અને તેના મહત્ત્વની વાત પહોંચે, અને જનમાનસમાં આંગણવાડીને પૂર્વપ્રાથમિક શિક્ષણના કેન્દ્ર તરીકે લોકપ્રિય બનાવવા માટે એક અભિયાન સ્વરૂપે કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. આંગણવાડીમાં બાળકોના સોનેરી ભવિષ્યની કેડી કંડારાય સાથે સાથે, બાળકોના નામાંકનમાં વધારો થાય તે હેતુથી વિશેષ પ્રચાર-પ્રસાર કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો

સુરત કોર્પોરેશનમાં કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે ત્રણ વર્ષ પૂર્ણ કરનારાં બાળકોને ખાનગી પ્રિ-સ્કૂલમાં ન મૂકતાં આંગણવાડીમાં નામાંકન કરાવે તે માટે વાલી સાથે વ્યક્તિગત રીતે સંપરામર્શ કરવામાં આવ્યો. જેમાં આંગણવાડી કેન્દ્રમાં અપાતા નિઃશુલ્ક પૂર્વપ્રાથમિક શિક્ષણ અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ માટે અભ્યાસક્રમ આધારિત કરાવાતી વિવિધ પ્રવૃત્તિઓ, રમતો અને બાળકની વ્યક્તિગત પ્રવૃત્તિ પુસ્તિકા, મીણિયા રંગ વગેરે અને પોષણયુક્ત પૂરક આહારની સેવા અંગે પણ ચર્ચા




આમંત્રણ પત્રિકા



સેલ્ફી પોઈન્ટ, ચશ્માં

કરવામાં આવી.

ટીમવર્ક દ્વારા જાહેર સ્થળોએ ભીંતસૂત્રો, પોસ્ટર અને પેમ્ફ્લેટ લગાડવામાં આવ્યાં. જાહેર માર્ગો પર આઈ.સી.ડી.એસના અધિકારી અને કર્મચારી દ્વારા રેલી કાઢવામાં આવી, જેમાં વાલી અને બાળકો પણ સહભાગી થયાં, વિવિધ પ્રકારના પોસ્ટર અને સૂત્રોચ્ચાર સાથે ખૂબ જોરશોરથી પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો, સાથે સાથે વાલીમિટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું. આંગણવાડી વિસ્તારના વોટ્સએપ ગ્રુપ દ્વારા વાલી તેમજ સમાજ અગ્રણીને ખાસ પ્રવેશોત્સવમાં હાજર રહી વધુ નામાંકન કરાવવા અને બાળકોને પ્રોત્સાહિત કરવા ખાસ આમંત્રણ આપવામાં આવ્યું. અધિકારી, પદાધિકારી અને સમાજ અગ્રણીઓને વ્યક્તિગત હેન્ડમેઈડ આમંત્રણપત્રિકા આપી, આમંત્રિત કરવામાં આવ્યાં.

પ્રવેશોત્સવના દિવસે આંગણવાડી કેન્દ્રને તોરણ, રંગોળી, ફૂલો અને ફુગ્ગાઓ વડે ખૂબ સુંદર રીતે શણગારવામાં આવ્યું. શીખવા શીખવવાની શૈક્ષણિક સાધનસામગ્રી (ટી.એલ.એમ) અને પ્રિ-સ્કૂલ કીટનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. બાળકો માટે ખાસ આકર્ષણ એવા સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યાં. વાલીઓ દ્વારા બાળકોને વિવિધ પ્રકારની વેશભૂષા, ટોપી અને ચશ્માં વગેરે પહેરાવી તૈયાર કરી સુશોભિત રિક્ષા, સ્કૂટર, ગાડીને ભૂલકાંરથ બનાવી તેમાં



વિવિધ ભૂલકાંરથમાં બાળકોનું આગમન






આંગણવાડીમાં બાળકોનું કંકુતિલક અને કંકુપગલાંથી સ્વાગત

બેસાડી, બેન્ડવાજાં અને ઢોલનગારાં સાથે વાજતે-ગાજતે આંગણવાડી કેન્દ્ર પર લાવવામાં આવ્યાં.

ત્રણ વર્ષ પૂર્ણ કરનારાં નવાં પ્રવેશપાત્ર બાળકોનું કંકુતિલક, કંકુપગલાં અને ફૂલો વડે સ્વાગત કરવામાં આવ્યું. બાળકોને કીટનું વિતરણ કરવામાં આવ્યું, જેમાં રમત-ગમત ભાગ-૧, ચિત્રપોથી અને મીણિયારંગ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. લોકભાગીદારીથી મળેલાં ફળ, બેગ, રમકડાંની પણ બાળકોને ભેટ આપવામાં આવી.

આ રીતે સુરત કોર્પોરેશન જિલ્લામાં કુલ-૯ ઘટકના ૧૦૯૩ આંગણવાડી કેન્દ્રો પર પ્રવેશોત્સવની ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર કરવામાં આવી. જેમાં જનસમુદાયનો ખૂબ સરસ સહયોગ મળ્યો.

આ કામગીરીમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી, સી.ડી.પી.ઓ, મુખ્યસેવિકા, પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર, કાર્યકર અને તેડાગરબહેનોએ ખૂબ સરસ કામગીરી કરી, જેની ફલશ્રુતિરૂપે આંગણવાડી કેન્દ્રમાં નામાંકન માટે વાલીઓ ખૂબ મોટા પ્રમાણમાં આવ્યાં. જૂન માસમાં કુલ-૨૨૬૨ આંગણવાડી પ્રવેશપાત્ર બાળકોમાંથી કુલ-૩૫૪૯ બાળકોને આંગણવાડીમાં પ્રવેશ કરાવી ૧૫૬% સિદ્ધિ મેળવી.







આંગણવાડીમાં પ્રિ-સ્કૂલ કીટ, બાળકોએ કરેલી પ્રવૃત્તિઓનું પ્રદર્શન





બાળકોને શ્રીફળ, પ્રવૃત્તિ પુસ્તિકા અને લોકભાગીદારીથી મળેલ કીટનું વિતરણ



આંગણવાડી પર બાળકોના નામાંકન માટે વાલીની લાંબી કતાર

## ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના

# આશાના દીવા તરફ એક પગલું






જિલ્લા મહિલા અને બાળઅધિકારી કચેરી હેઠળ કાર્યરત ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW) વલસાડની ટીમ દ્વારા ફિલ્ડ-વિઝિટ દરમ્યાન જિલ્લામાં કાર્યરત મુસ્કાન NGOની મુલાકાત દરમ્યાન એક મહિલા અરજદારશ્રી સાથે વાત કરવામાં આવી હતી, તે દરમ્યાન જાણવા મળ્યું કે તે TBની ગંભીર બીમારીથી પીડાઈ રહી હતી તેમજ તેના પતિ અવસાન પામ્યા છે. મહિલાની સાથે બે બાળકો હતાં. જેમાં દીકરી (ઉમ્ર: ૧૩ વર્ષ) અને દીકરો (ઉમ્ર: ૧૩ વર્ષ) છે. માતાની માંદગી, ઘરની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે બાળકોનું ભણતર પણ અધૂરું રહી ગયું હતું.

**ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન અને મુસ્કાન NGO ના સહયોગથી પરિવારને મદદ કરવામાં આવેલી, જેવી કે,**

- મુસ્કાન NGO દ્વારા મહિલાને સિવિલ હોસ્પિટલ, વલસાડ ખાતે દાખલ કરાવીને TB ની યોગ્ય સારવાર મળતી રહે તે માટે મદદ કરવામાં આવી.
- સારવાર દરમિયાન સખી વન સ્ટોપ સેન્ટરનાં કાઉન્સેલર દ્વારા રૂબરૂ મુલાકાત લઈ કાઉન્સેલિંગ સેવાઓ પૂરી પાડવામાં આવી.
- DHEW ટીમ અને મુસ્કાન NGO ની સંકલિત ટીમ દ્વારા ઘરવિહોણા પરિવારને વાપી નાઈટ શેલ્ટર હોમ ખાતે રહેવાની સગવડ કરાવવામાં આવી.
- DHEWના કર્મચારીઓએ નાઈટ શેલ્ટર હોમની મુલાકાત લઈ બાળકોના ભવિષ્યને ધ્યાને લઇ બંને બાળકોને સુલભ પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં આવ્યાં, જેથી તેમનું શિક્ષણ ફરી શરૂ થઈ શકે.
- મહિલા અરજદારશ્રીનું આર્થિક પુનઃસ્થાપન માટે, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટે અરજી ફોર્મ ભરવામાં આવ્યું.

અરજદારશ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે "મને લાગતું હતું કે હવે કોઇ રસ્તો બચ્યો નથી...પરંતુ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન અને મુસ્કાન જેવી સંસ્થાઓએ મને અને મારાં બાળકોને જીવવાની નવી આશા આપી."

ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના

# મારીંગણા ગામમાં મહિલાઓ માટે નવી દિશા



કચ્છ જિલ્લાનાં અંજાર તાલુકાના મારીંગણા ગામની પરંપરાગત સ્થિતિ એવી હતી કે, પાદર (ગામની સાંસ્કૃતિક બેઠક)માં માત્ર પુરુષો જ બેઠક કરી શકતા અને મહિલાઓ માટે ત્યાં ઉપસ્થિત રહેવા માટે પણ પરવાનગી નથી. ગામમાં મહિલાઓને પોતાનાં વ્યક્તિગત પ્રશ્નો અને સમસ્યાઓ ઘરના ઉંબરાની બહાર રજૂ કરવા અને ઉકેલવા માટે સ્વતંત્રતા નથી. આ કારણે મહિલાઓનો વિકાસ અને સશક્તીકરણ ખૂબ જ મર્યાદિત હતો.

### નવતર પહેલ – “ખાસ મહિલા ગ્રામ સભા”નું આયોજન

મારીંગણા ગામની પરંપરાગત સ્થિતિ ધ્યાનમાં રાખીને, જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ અને જિલ્લા મહિલા અને બાળાધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW) ની ટીમ દ્વારા એક નવી પહેલ શરૂ કરી. તા. ૧૮/૦૭/૨૦૨૫ના રોજ, માનનીય ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગાસાહેબના અધ્યક્ષસ્થાને “ખાસ મહિલા ગ્રામસભા” (ખાટલા બેઠક) નું આયોજન કર્યું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ પોતાનાં પ્રશ્નો પાદરે જઈ રજૂ કરી શકે. તેમજ મહિલાઓને વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી મળી રહે તે માટે વહીવટીતંત્રના તમામ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહી માહિતી આપવામાં આવેલી.

કાર્યક્રમ દરમ્યાન માન. ધારાસભ્યશ્રી ત્રિકમભાઇ છાંગા દ્વારા મહિલાઓની પહેલને બિરદાવવામાં આવી અને તમામ મહિલાઓને સરકારી યોજનાઓનો લાભ લેવા તથા અન્ય જરૂરિયાતમંદ મહિલાઓ સુધી માહિતી પહોંચાડવાની પણ સલાહ આપી. ત્યારબાદ દીકરીઓના શિક્ષણ પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું કે, “દરેક દીકરીએ ફરજિયાત શિક્ષણ મેળવવું જોઈએ, કારણ કે ‘એક શિક્ષિત નારી સક્ષમ સમાજનું ઘડતર કરી શકે છે’.”

કાર્યક્રમ થકી ગામની મહિલાઓમાં આત્મવિશ્વાસનો વિકાસ થયો અને તેઓ ન માત્ર પોતાનો વિકાસ કરવા માટે ઉત્સાહિત થઈ, પરંતુ ગામના સારા વિકાસ માટે પણ આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

“ખાસ મહિલા ગ્રામસભા” એ મહિલાઓના પ્રશ્નો સાંભળવા અને તેનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવો. મહિલા સશક્તીકરણ માટે એક અનોખું પગલું હતું, જે મહિલા અને પુરુષ વચ્ચે સમાનતા અને સહયોગની નવી દિશા દર્શાવે છે. આથી ગામના વિકાસમાં મહિલાઓની ભૂમિકા વધતી જશે અને વધુ જાગૃત સમાજ રચાશે.

# ડિસ્ટ્રિક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન હેઠળ 'જ્યાં આશા છે ત્યાં માર્ગ છે' ગંગાસ્વરૂપા બહેનની યાત્રા

આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવતાં ગંગાસ્વરૂપા મહિલા લાંબા સમયથી જીવનની વિવિધ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. જીવનની રોજિંદા જરૂરિયાતો પૂરી કરવી પણ મુશ્કેલ બની ગઈ હતી. એવી સ્થિતિમાં, જિલ્લા મહિલા અને બાળ-અધિકારી કચેરી, અમરેલી હેઠળના ડિસ્ટ્રિક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન દ્વારા આયોજિત જાગૃતીકરણ કાર્યક્રમ દ્વારા DHEW ટીમ સાથે તેમની મુલાકાત થઈ, ત્યારે તેમણે જણાવ્યું કે તેઓ સરકારી આર્થિક સહાય યોજનાનો લાભ લેવા ઇચ્છે છે, પરંતુ તે વિશે તેને જાણકારી નથી. ટીમ દ્વારા તેઓને ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના વિશે માહિતી આપવામાં આવી તથા સહાય મેળવવા માટે જરૂરી તમામ દસ્તાવેજોની જાણકારી આપી અને દસ્તાવેજો એકત્રિત કરવામાં મદદ કરવામાં આવી. ત્યારબાદ તેનું ફોર્મ ભરવામાં પણ DHEW ટીમે પૂરતો સહયોગ આપ્યો. પરિણામે ગંગાસ્વરૂપાબેનનું ફોર્મ મંજૂર થયું અને હવે તેમને દર મહિને રૂ.૧૨૫૦/- ની



આર્થિક સહાય મળવા લાગી છે. આ સહાયથી હવે તેઓ પોતાની જરૂરિયાતો સરળતાથી પૂરી કરી શકે છે અને થોડીઘણી બચત પણ કરી શકે છે.

ગંગાસ્વરૂપા બેનની આ સફળતા એ સાબિત કરે છે કે, યોગ્ય માર્ગદર્શન અને સુચિત સહકાર મળવાથી કોઈપણ વ્યક્તિ જીવનમાં હકારાત્મક ફેરફાર લાવી શકે છે

# 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અતંર્ગત થયેલ વિવિધ કામગિરી

## બરડિયા બાલિકા પંચાયત દ્વારા દીકરીઓ માટે 'વહાલી દીકરી યોજના' અને મહિલાઓમાં બચત જાગૃતિ કાર્યક્રમ

જિલ્લા મહિલા અને બાળ-અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ઓખા તાલુકાના છેવાડાના બરડિયા ગામ ખાતે 'બેટી બચાવો, બેટી પઢાઓ' યોજનાને મૂર્તિમંત કરતી એક સુંદર પહેલ કરવામાં આવી હતી. ગામની સક્રિય બાલિકા પંચાયતના સભ્યો દ્વારા ગામમાં જન્મેલી દીકરીઓના સન્માન અને ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન જન્મેલી દીકરીઓને રાજ્ય પુરસ્કૃત "વહાલી દીકરી યોજના"નો લાભ મળે તે હેતુથી બાલિકા પંચાયતના



સભ્યો દ્વારા વહાલી દીકરી યોજનાની માહિતી આપી. ત્યારબાદ પરિવારજનોને ફોર્મ ભરવામાં મદદ કરવામાં આવી હતી. ફોર્મ ભર્યા બાદ વધુમાં, ગ્રામીણ વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે, બાલિકા પંચાયતના સભ્યો દ્વારા મહિલાઓમાં બચતલક્ષી માહિતીનો પ્રચાર કરવામાં આવ્યો હતો અને ગામની મહિલાઓને નજીકની પોસ્ટ ઓફિસની મુલાકાત કરાવવામાં આવેલી. મુલાકાત દરમિયાન, મહિલાઓને પોસ્ટ ઓફિસની વિવિધ બચત યોજનાઓ અને તેના ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને નિયમિત બચત માટે પ્રેરિત કરવામાં આવી હતી. બરડિયા બાલિકા પંચાયતની આ પહેલે દીકરીઓના શિક્ષણ અને સશક્તીકરણની સાથે-સાથે મહિલાઓમાં નાણાકીય જાગૃતિ લાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

## 'બેટી બચાવો,બેટી પઢાવો'

# દીકરીઓ માટે ઉજળું ભવિષ્ય





જિલ્લા મહિલા અને બાળ-અધિકારીશ્રી, પંચમહાલના માર્ગદર્શન હેઠળ ઘોઘંબા તાલુકાની શાળા રાયણના મુવાડા ખાતે "બેટી બચાવો, બેટી પઢાવો" દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમ્યાન શાળાના આચાર્યશ્રી, બાળ સુરક્ષા એકમના કર્મચારીશ્રીઓ, ડિસ્ટ્રિક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનનાં ડિસ્ટ્રિક મિશન કોર્ડિનેટરશ્રી, વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ, 181 હેલ્પલાઇનના કાઉન્સેલરશ્રી અને શાળાની દીકરીઓ તથા પદાધિકારીશ્રીઓ હાજર રહ્યાં.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દીકરીઓની સુરક્ષા, સલામતી, શિક્ષણનું મહત્ત્વ, લિંગ સમાનતા અને સ્ત્રી સશક્તીકરણ જેવા વિષયો અંગે જાગૃતતા ફેલાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. જિલ્લા મિશન કોર્ડિનેટરશ્રી દ્વારા દીકરીઓ/મહિલાઓ માટે રાજ્ય સરકાર દ્વારા કાર્યરત વહાલી દીકરી યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગાસ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, મહિલા સ્વાલલંબન યોજના અને અન્ય મહિલાલક્ષી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

વન સ્ટોપ સેન્ટર (OSC) દ્વારા મહિલાઓ અને કિશોરીઓને એકજ સ્થળે તાત્કાલિક આશ્રય, કાયદાકીય, તબીબી, પોલીસ તથા કાઉન્સેલિંગ સેવાઓ આપવામાં આવે છે તે અંગે તેમજ મહિલાલક્ષી કાયદાકીય સમજ આપી. બાળ સુરક્ષા એકમની કામગીરી અને બાળકોને લગતા મહત્ત્વપૂર્ણ કાયદાઓથી દીકરીઓને વાકેફ કરવામાં આવી. ૧૮૧ હેલ્પલાઇનમાંથી ઉપસ્થિત કર્મચારી દ્વારા વિવિધ હેલ્પલાઇન નંબરો ૧૦૦, ૧૦૮, ૧૦૯૮, ૧૧૨ વિશે માહિતી આપવામાં આવી.

કાર્યક્રમના અંતમાં શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરેલી દીકરીઓ તથા વર્ષ - ૨૦૨૪-૨૫ દરમ્યાન પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનારી દીકરીઓને એજ્યુકેશન કીટ આપી સન્માનિત કરવામાં આવી.

## ‘બેટી બચાવો,બેટી પઢાવો’

# દીકરીના હક માટે એકતાનો હાથ

મહિલા અને બાળ-અધિકારી કચેરી, બોટાદ-ના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW) દ્વારા મહિલા અને બાળ-વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગે જાગૃતીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમ્યાન વહાલી દીકરી યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગાસ્વરૂપા પુનઃલગ્ન સહાય યોજના, વન સ્ટોપ સેન્ટર (OSC), પોલીસ સ્ટેશન સપોર્ટ સેન્ટર (PBSC) અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

સદર કાર્યક્રમ દરમ્યાન એક મહિલા અરજદારશ્રી દ્વારા DHEW ટીમને પોતાને મૂંઝવતો પ્રશ્ન વિશે જણાવવામાં આવેલો કે “મારો સાસરીપક્ષ સાથે અણગમો થતા



હાલમાં હું મારા પિયરમાં રહું છું. મારી દીકરી ૧૧ માસની થઇ ગઇ છે. મારા તથા દીકરીના તમામ ડોક્યુમેન્ટ મારા સાસરીપક્ષ પાસે છે, જેના કારણે હું ‘વહાલી દીકરી યોજના’ નું ફોર્મ ભરી શકી નથી.

ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW) ટીમ દ્વારા વ્હાલી દીકરી યોજના અંતર્ગત ફોર્મ ભરવા માટેની પાત્રતા માટે ૧ વર્ષ પૂર્ણ થવામાં એક માસ બાકી હોવાથી સમયમર્યાદાને ધ્યાને લેતા અરજદારના પતિ તથા સાસરીપક્ષનો સંપર્ક કરી વહાલી દીકરી યોજના વિશે માહિતી આપવામાં આવી. અને ત્યારબાદ અરજદારશ્રીનું પતિ અને સાસરીપક્ષા વચ્ચે સમાધાન કરવામાં આવ્યુ તેમજ યોજનાકીય લાભ મેળવવા માટે જરૂરી ડોક્યુમેન્ટ સાથે લઇ મહિલા અને બાળ-અધિકારીની કચેરી આવવા જણાવવામાં આવ્યુ અને તેમની દીકરીનું વ્હાલી દીકરી યોજના હેઠળ ફોર્મ ભરાવવામાં આવ્યુ.

"એક દીકરીના હક માટે લડાઈથી શરૂ થયેલો પ્રયાસ, આખરે એક પરિવારના પુનઃમિલનનું કારણ બન્યું"

# જાગૃતિથી સુરક્ષા તરફ “સાયબર સેફટી” જાગૃતિ કાર્યક્રમ



જિલ્લા મહિલા અને બાળ-અધિકારી કચેરી - રાજકોટ અને સાયબર પોલીસ સ્ટેશનના સંકલનમાં "બેટી બચાઓ, બેટી પઢાઓ" યોજના અંતર્ગત ટી.એન. રાવ સ્કૂલ - રાજકોટ અને VVP Engineering College - Rajkot કોલેજના સહયોગથી સાયબર ક્રાઈમ અને સાયબર સેફટી અંગે જાગૃતિ લાવવા હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમ દરમ્યાન સાયબર પોલીસ સ્ટેશન - રાજકોટની ટીમ દ્વારા વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓને સાયબર ક્રાઈમ શું છે?, સાયબર ફ્રોડના વિવિધ પ્રકારો, યૂઝર ડેટા ચોરી, સાવચેતી અને સુરક્ષા માટેનાં પગલાં, સાયબર ક્રાઈમ બને તો તાત્કાલિક શું કરવું?, સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કેવી રીતે નોંધાવવી? વગેરે મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવેલી, સાયબર પોલીસ ટીમને જણાવેલી અને સંતોષકારક જવાબો મેળવ્યા.

IEC વિતરણ

વિદ્યાર્થીઓને સાયબર જાગૃતિ અંગેની પુસ્તિકા, પેમ્ફલેટ અને IEC કીટ સાથે પેન અને ફોલ્ડર વિતરણ કરવામાં આવ્યાં.

## વન સ્ટોપ સેન્ટર યોજના

# મહિલાનું પરિવાર સાથે સફળ પુનઃસ્થાપન

૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા વન સ્ટોપ સેન્ટર ખેડા મહિલા અરજદારશ્રીને લાવવામાં આવ્યાં હતા. પ્રાથમિક કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે, મહિલા મહેમદાવાદ તાલુકાનાં રહેવાસી છે. તેમનાં લગ્નને ૧૩ વર્ષ થયાં છે. તેમનાં બે સંતાનો છે. જેમની ઉંમર ૧૦ વર્ષ અને ૭ વર્ષ છે. તથા તેમનાં લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષો સુખદ રહ્યાં હતાં. પરંતુ તેમનાં સસરાના અવસાન પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ. તેમનાં પર સાસુ અને પતિ દ્વારા ખોટા



વહેમ અને વારંવાર શારીરિક હિંસા કરવામાં આવતી. તેમજ પતિ પાસે રહેલી જમીન વેચવા બાબતે મતભેદ થયેલો મહિલા પોતાનાં સંતાનોના ભવિષ્ય માટે જમીન વેચવા તૈયાર નહોતા, જેના કારણે પતિ વારંવાર તેમને મારઝૂડ કરતાં.

વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાના પતિ અને સાસુને સેન્ટર ખાતે બોલાવવામાં આવેલાં અને સાસુ અને પતિને મહિલા પર ખોટા વહેમ અને શારીરિક હિંસા ન કરવા સમજાવવામાં આવેલાં. તેમને ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ કાયદાની સમજ આપવામાં આવી. બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું અને મહિલાનું પરિવાર સાથે સફળ પુનઃસ્થાપન કરવામાં આવ્યું.

# ખોવાયેલી દીકરીનું પરિવાર સાથે મિલન




૨૦ જૂન, ૨૦૨૫ના રોજ ધાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રી પેટ્રોલિંગ દરમ્યાન દીકરી એકલી મળી આવેલી. પોલીસ દ્વારા તેની સુરક્ષા માટે વન સ્ટોપ સેન્ટર, દાહોદ ખાતે મૂકવામાં આવી. સૌપ્રથમ દીકરીની પ્રાથમિક આરોગ્ય તપાસ માટે ઝાયડસ હોસ્પિટલ, દાહોદ ખાતે લઇ જઇ સારવાર કરાવવામાં આવેલ.ત્યારબાદ દીકરીનું કાઉન્સેલિંગ સમયે દીકરી માત્ર પોતાનાં ગામનું નામ વરઝેણ જણાવતી હતી અને બીજા કોઈ પ્રશ્નનો જવાબ આપતી નહોતી.

વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલકશ્રી દ્વારા ગામના સરપંચ, આગેવાનો તથા પોલીસની મદદથી મધ્ય પ્રદેશમાં રહેતા દીકરીના પરિવાર સાથે સંપર્ક કરવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સતત પ્રયત્નો બાદ પરિવાર સાથે સંપર્ક થયો હતો. પરિવાર દીકરીને લેવા દાહોદ વન સ્ટોપ સેન્ટર ખાતે આવેલ.

પરિવારજનો દ્વારા જણાવ્યાનુસાર, દીકરીની માનસિક સ્થિતિ છેલાં ૭ વર્ષથી અસ્વસ્થ છે, તે ઘરેથી છ દિવસ પહેલાં નીકળી ગઈ હતી. પરિવારજનોએ પોલીસ તથા સોશિયલ મીડિયા મારફતે શોધખોળ કરી હતી, પરંતુ સફળતા ન મળતાં તેઓ નિરાશ થઇ ગયા હતા. દીકરીની મળી આવ્યાંના સમાચાર મળતાં પરિવારમાં આનંદનો માહોલ છવાઈ ગયો.

પરિવારજનો દીકરીને સુરક્ષિત રીતે ઘરે લઈ ગયા અને સખી વન સ્ટોપ સેન્ટરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

## વન સ્ટોપ સેન્ટર યોજના

# ૧૭ વર્ષીય કિશોરીનું તેના પરિવાર સાથે સફળ પુનઃસ્થાપન



૧૮૧ મહિલા હેલ્પલાઇન મારફતે એક સગીરાને વન સ્ટોપ સેન્ટર, ખેડા ખાતે લાવવામાં આવી હતી. અરજદારશ્રી સાથે કાઉન્સેલિંગ કરતાં જાણવા મળ્યું કે મૂળ અમદાવાદની રહેવાસી છે. તેને તેમનાં જ ફ્લેટમાં ઉપર રહેતા એક યુવક સાથે પ્રેમસંબંધ હતો. તે માતાના ફોનથી વાત કરતી અને વોટ્સએપ દ્વારા સતત સંપર્કમાં રહેતી.

આ બાબત માતાને ખબર પડતાં દીકરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ દીકરી એ વાતને અવગણતી હતી. અંતે, પરિવારના કડક વલણથી ડરીને અરજદાર ઘરેથી ભાગી ગઈ. તે ટ્રેનમાં બેઠી અને નડિયાદ રેલવે સ્ટેશન પર ઊતરી ગયેલી. ત્યારે તેને રડી જોઈને રેલવે પોલીસ દ્વારા ૧૮૧ હેલ્પલાઇનનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

વન સ્ટોપ સેન્ટર દ્વારા અરજદાર નાબાલિક વયની હોવાથી કેસ બાળ કલ્યાણ સમિતિ (CWC) સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વન સ્ટોપ સેન્ટર દ્વારા તેનાં માતા-પિતાને બોલાવી બંને પક્ષકારોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. માતા-પિતાને સમજાવવામાં આવ્યું કે, દીકરીને ધાક-ધમકી ન આપવી કે તેની સાથે મારઝૂડ ન કરે અને ઘરમાં સકારાત્મક વાતાવરણ પૂરું પાડે. અરજદારને હાલ પોતાનાં આગળના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા સમજાવવામાં આવી હતી. તે કથ્થક નૃત્યમાં રુચિ ધરાવે છે અને તે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માંગે છે, માતા-પિતાને દીકરીને કારકિર્દીમાં સહકાર આપવા સમજાવવામાં આવ્યાં હતાં.

## પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર યોજના

# પિતાના મૃત્યુ બાદ દીકરીની ઇચ્છા મુજબ બા-દાદા સાથે રહેવાની અને માતાને જરૂરી સામાન પરત કરાવી આપતું મહિલા સહાયતા કેન્દ્ર





શ્રુતિ (નામ બદલેલું છે), જેની ઉંમર હજુ ૧૫ વર્ષની છે, શ્રુતિ સેન્ટર ઉપર આવી એના ત્રણ દિવસ અગાઉ જ શ્રુતિના પિતા લાંબી માંદગી બાદ મૃત્યુ પામ્યા હતા. તેની માતા વર્ષોથી પિયરમાં જ રહેતાં હતાં. પિતાના મૃત્યુ બાદ પતિની અંતિમ ક્રિયામાં આવ્યાં ન હતાં, તેની માતા શ્રુતિને લેવા આવ્યાં હતાં. પણ શ્રુતિને તેમની સાથે જવા ઇચ્છતી ન હોઈ, તેની માતા બળજબરીથી પૂર્વક લઈ જવા જીદ કરતાં હતાં. જેથી શ્રુતિનાં બા- દાદા બરવાડા પોલીસ સ્ટેશન મદદ માટે આવ્યાં હતાં. પોલીસ દ્વારા સઘળી માહિતી સાંભળીને બા-દાદા ને બોટાદ મહિલા સહાયતા કેન્દ્રમાં કાઉન્સેલિંગ માટે મોકલવામાં આવ્યાં હતાં. .

બોટાદ મહિલા સહાયતા કેન્દ્રમાં શ્રુતિને સાંત્વના આપી, બા દાદા સાથે સઘળી હકીકત જાણીને શ્રુતિની માતાને કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવેલી. બે મિટિંગ બાદ શ્રુતિની માતા તેને બા દાદા સાથે રાખવા સહમત થયા. સાથે શ્રુતિની માતા પણ અન્ય બે બાળકો સાથે પિયરમાં રહેતી હોય તેમનું સ્ત્રીધન સાસરી પક્ષમાંથી પરત મેળવવા અને બાળકો માટે થઈ ને પ્લોટ તેમનાં નામે કરાવી આપવાની વિનંતી કાઉન્સેલરને કરેલ. કાઉન્સેલર દ્વારા કુટુંબના સભ્યોને સમજાવવામાં આવ્યાં અને કાયદાકીય સમજણ આપવામાં આવી હતી. હવે પછીની મિટિંગમાં કુટુંબમાં ચર્ચા કરીને નક્કી કરી જણાવવા નક્કી કરવામાં આવ્યું.

નિયત કરેલા દિવસે બંને પક્ષના લોકો સેન્ટર ઉપર આવેલા. શ્રુતિને તેની માતાએ પોતાની મરજીથી બા દાદાને સોંપી અને શ્રુતિના બા દાદા એ શ્રુતિની માતાને તેમનું તમામ સ્ત્રી ધન અને પ્લોટ તેમનાં નામે કર્યા-ના ડોક્યુમેન્ટ શ્રુતિની માતાને આપ્યા હતા. આમ, શ્રુતિ અને તેની માતા બંનેને એકજ અરજીમાં સેન્ટર દ્વારા ન્યાય મળ્યો તેથી બંને ખૂબ ખુશ હતી. અને સેન્ટરનો આભાર માન્યો. થોડા દિવસ પછી સેન્ટર દ્વારા ફોલોઅપ કરતાં શ્રુતિ બા દાદા સાથે અમદાવાદ ખાતે રહે છે અને હાલ કોઈ પ્રશ્ન નથી.

## પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના

# મૈત્રી સંબંધો બાંધી ત્રાસ આપતા યુવકનુ કાઉન્સેલિંગ દ્વારા પુન:સ્થાપન કરાવતુ મહિલા સહાયતા કેન્દ્ર




જ્યોત્સ્નાબેન (નામ બદલેલું છે) નાં પુન:લગ્નને ૧૧ વર્ષ જેટલો સમય થયેલો છે. તેને હાલમાં ૧૦ વર્ષનું બાળક છે. તેનાં પુન:લગ્ન જીવન શરૂઆતનાં ૬ વર્ષ સારું ચાલ્યું, બાદમાં પતિ અને સાસરી પક્ષ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો. તેમનાં પતિ દ્વારા તેઓ પર શંકા કરે છે તેમજ બંધબારણે મારઝૂડ અને હાથમાં જે વસ્તુ આવે તેના વડે માર મારતા તેમજ પિયરપક્ષના લોકો વિશે અપશબ્દો બોલે છે, દારૂ ખૂબ પીવે, ઘર ખર્ચ માટે પૈસા પણ નથી આપતા. આથી તેઓને પોતાની પર થતા અત્યાચારને કારણે ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી અને તેઓ દ્વારા અરજદારશ્રી ને સેન્ટર પર મદદ માટે મોકલી આપવામાં આવી હતી.

મહેસાણા મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર દ્વારા જ્યોત્સ્નાબેનને આશ્વાસન આવ્યું હતું. તેની તમામ હકીકત જાણવામાં આવેલી અને તેમનાં પતિ અને પિતા, સાસરીપક્ષના લોકો ને કાઉન્સેલિંગ માટે સેન્ટર બોલાવવામાં આવ્યાં હતાં. તેઓનાં પતિ દ્વારા જણાવ્યા પ્રમાણે તેઓ જ્યોત્સ્નાબેનને પહેલે-થી જ ઓળખતા હતા અને પ્રેમ પણ કરતાં હતા. પરંતુ જ્યોત્સ્નાબેનને અનાથ હોવાથી તેમનાં કાકાએ સરકારી નોકરી કરતાં યુવક સાથે લગ્ન કરાવ્યાં હતાં. ત્યાં તેના પ્રથમ પતિ જ્યોત્સ્નાબેન ઉપર વહેમ શંકા કરતાં હતા અને ઘરેલુ હિંસા કરતા, જેથી જ્યોત્સ્નાબેનને સામેથી જ છૂટાછેડા આપેલા હતા. ત્યારબાદ તેઓ બન્નેએ મૈત્રીકરાર કર્યા અને તેઓનાં કાકા દ્વારા તે સ્વીકારવામાં આવ્યો હતો. તેના કાકા છેલ્લાં ૧૧ વર્ષથી અમારી સાથે રહે છે. જ્યોત્સ્નાબેનના પતિના જણાવ્યા પ્રમાણે તેઓ તેમનાં કાકા કહે તેટલું જ કરતાં હોય. તેના કારણે ઘરમાં ઝગડા થતા હતા.

મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા જ્યોત્સ્નાબેનના પતિ તથા તેના પરિવાર સાથે વારંવાર ગ્રૃપ મિટિંગ અને કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. અંતે અરજદારનું પરિવાર સાથે સમાધાન કરી પુન:સ્થાપન કરવામાં આવ્યું હતું. આમ, જ્યોત્સ્નાબેનને સક્ષમ અને શસક્ત બનવાની પ્રેરણા સેન્ટર દ્વારા આપવામાં આવી હતી.

થોડા સમય પછી સેન્ટર દ્વારા ફોલો-અપ લેતાં, જ્યોત્સ્નાબેન તેના પતિ અને બાળકની સાથે જ રહે છે હાલ માં કોઇ જ તકલીફ નથી.

# સાઇબર પ્રેમના શિકાર બનતી યુવતીને મદદે આવતું મહિલા સહાયતા કેન્દ્ર




મહીસાગર જિલ્લા ખાતે આવેલ પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર)માં નર્સિંગનો અભ્યાસ કરતાં સુશ્રી કુમુદબેન (નામ બદલેલું છે) નામની દીકરી મદદ માટે આવેલા. સેન્ટરના કાઉન્સેલર દ્વારા અરજદારને સાંભળવામાં આવેલા, જેમાં જાણવા મળ્યું કે, કુમુદબેનને આજથી બે વર્ષ પહેલાં ઇન્સ્ટાગ્રામમાં મયંકભાઈ(નામ બદલેલું છે) સાથે પ્રેમ થઈ ગયેલ અને તેઓ મયંકભાઈ સાથે વાતચીત કરતાં. જ્યારે જ્યારે કુમુદબેન મુલાકાત કરવા કે ફેસ બતાવવા કહેતાં ત્યારે મયંકભાઈ ચેહરો સંતાડેલો રાખતા અને મળવા આવે ત્યારે બીજા લોકો જોઈ જાય તો બદનામી થાય એમ કહીને હેલ્મેટ પહેરી રાખતા. કુમુદબેને તેમનાં ઘરે મયંકભાઈ સાથે લગ્નની વાત કરેલી, ઘર સભ્યો દ્વારા મયંકભાઈને બોલાવીને વાત આગળ વધારવા જણાવ્યું ત્યારે મયંકભાઈ ઘરે મળવા આવેલા નહીં. જેથી કુમુદબેનના માતા- પિતાએ લગ્ન કરવાની ના પાડી દીધેલી.

કુમુદબેન દ્વારા મયંકભાઈ વિશે તપાસ કરતાં હકીકત જાણવા મળેલી કે મયંકભાઈ પોતે બે બાળકોના પિતા છે અને ઉંમરમાં પણ ઘણા મોટા છે. આવી જાણ થયા બાદ કુમુદબેને મયંકભાઈ સાથે વાત કરવાનું બંધ કરેલું. જેથી મયંકભાઈ ગુસ્સે ભરાઈને અરજદાર બહેનના ફોટા ઉપર અપશબ્દો લખીને ઇન્સ્ટાગ્રામમાં સ્ટોરી વાયરલ કરીને બદનામ કરેલાં, જેથી અરજદાર બહેન દ્વારા પોલીસ સ્ટેશન મદદ માટે આવ્યાં હતાં. કાઉન્સેલર દ્વારા કાઉન્સેલિંગ દરમિયાન કુમુદબેનને સાયબર ક્રાઈમ વિશેની માહિતી આપેલી. કુમુદબેનના જણાવ્યા અનુસાર તેમણે ૧૯૩૦ હેલ્પલાઇન ઉપર અરજી કરેલી હોવાનું જણાવેલું. કુમુદબેન પોતાની મિત્ર સાથે પોલીસ સ્ટેશન આવેલાં, પોલીસ કાર્યવાહીથી ડરતાં હોય પોલીસ સ્ટેશનમાં અરજી કરવા માગતાં ન હોય મહિલા સહાયતા કેન્દ્રમાં આવેલાં.

કાઉન્સેલર દ્વારા મયંકભાઈને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યાં, મયંકભાઈ પોતે અમદાવાદ ખાતે રહેતા હોય અને પોતે બિલ્ડર છે તેમ જણાવેલું હતું. મયંકભાઈ સાથે કાઉન્સેલર દ્વારા વ્યક્તિગત મીટીંગ કરવામાં આવેલ અને આખી ઘટના વિશે જણાવેલું સાથે કાયદાકીય માહિતી આપવામાં આવેલ. મયંકભાઈએ સ્વીકાર્યું કે તેણે ભૂલ કરેલી છે અને તેની દીકરીની ઉંમરની છોકરીને હેરાન કરવાથી અને તેને બદનામ કરવાથી શું થાય તે અંગે પોતે દુખ વ્યક્ત કરેલું અને કુમુદબેન કહેશે તે સજા ભોગવવા તૈયાર છું તેવું જણાવેલું. કુમુદબેન આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવા માંગતા ન હતાં, પરંતુ કુમુદબેનને સ્ટેમ્પ ઉપર મયંકભાઈનું લખાણ જોઈતું હોવાથી સેન્ટર દ્વારા મયંકભાઈ પાસે ભવિષ્યમાં કુમુદબેનને કોઈપણ કારણથી હેરાન ન કરવા બાબતે લખાણ કરાવી કુમુદબેનની મદદ કરેલી. થોડા દિવસ બાદ સેન્ટર દ્વારા ફોલોઅપ લેતાં કુમુદબેનને હવે કોઈ તકલીફ નથી અને શાંતિથી અભ્યાસમાં ધ્યાન આપે છે અને ખુશ છે તેવું જણાવેલું.

## પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના

# ત્રિપલ તલાક બાદ દંપતીનું સમાધાન કરાવતું મહિલા સહાયતા કેન્દ્ર



ભરૂચ મહિલા સહાયતા કેન્દ્રમાં મદદ માટે આવેલાં અરજદાર જેનિફરબેન (નામ બદલેલું છે)ના લગ્નને ૨૫ વર્ષ થયેલાં. લગ્નજીવનથી બે દીકરી અને એક દીકરો છે. તેને પોતાની ૧૭ વર્ષની નાની દીકરીનાં લગ્ન કરાવવા ઈચ્છતા હોઈ પૈસાની સગવડ ન હોઈ, આ બાબતે ઝઘડો થતાં તેમનાં પતિ હારૂન ભાઈએ (નામ બદલેલ છે) ત્રણ વાર તલ્લાક કહી અરજદારને છૂટાં કર્યાં હતાં કરેલ અને પુત્રીનાં લગ્ન બાદ હારૂનભાઈ ((નામ બદલેલ છે) ઘર છોડી ચાલ્યા ગયા હતા અને તેઓ હવે સામાજિક રિવાજ મુજબ હલાલુ કર્યા બાદ જ ઘરે આવશે. આથી અરજદાર પતિ ને સમજાવવા માટે મહિલા સહાયતા કેન્દ્રમાં મદદ માટે આવ્યાં હતાં.

કાઉન્સેલર દ્વારા જેનિફરબેન અને હારૂનભાઈ સાથે વ્યક્તિગત મિટિંગ કરવામાં આવી હતી. તે દરમ્યાન કાઉન્સેલર દ્વારા હારૂનભાઈને મુસ્લિમ શરિયતમાં અપાતા તલ્લાકની વાસ્તવિક પદ્ધતિ વિશે જણાવવામાં આવ્યું હતું. તેમજ મુસ્લિમ મહિલા (લગ્ન અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ કાયદાકીય માહિતી આપી. ત્રિપલ તલાક કાયદાકીય રીતે માન્ય ગણાતા ના હોય ત્રિપલ તલ્લાક કાયદેસર રદ થયેલા હોઈ, તેમજ કાયદાના ભંગ બદલ સજામાં ત્રિપલ તલાક ઉચ્ચારનાર પતિને ત્રણ વર્ષ સુધીની કેદ થઇ શકે તે અંગે સમજાવવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ દરમ્યાન હારૂનભાઈ સમાધાન કરી પત્ની સાથે રહેવાની તૈયારી બતાવતાં બન્ને પક્ષોની બંને પક્ષો ની જુથ મિટિંગ કરવામાં આવી હતી.

સેન્ટર પર બંને પક્ષોનું સુખદ સમાધાન થયેલું હોઈ, કાઉન્સેલર દ્વારા વારંવાર ફોલોઅપ મિટિંગ તેમજ ટેલિફોનિક ફોલોઅપ કરવામાં આવ્યું હતું. આમ, કાઉન્સેલરની દરમ્યાનગીરીથી બંને પક્ષો શાંતિથી સાથે રહે છે.

## ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન યોજના

# ભૂલ માફ કરી નવી શરૂઆત કરવા સમજાવતાં, ૭ મહિના બાદ મહિલાને પરત સાસરીમાં બોલાવી લેતાં, કેસનો સુખદ અંત


પર પુરુષ સાથે અફેરના આક્ષેપ કરતો પતિ ખુદ પરસ્ત્રી સાથે પત્નીના હાથે ઝડપાયો

**અભયમે સાત વર્ષનું લગ્નજીવન તૂટતું બચાવી લીધું**

**પતિએ ભુલ સ્વીકારી દીકરી સાથે પત્નિને અપનાવી**

દસક્રોઈના એક ગામમાંથી ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર એક મહિલાનો કોલ આવ્યો હતો. મહિલા દ્વારા જણાવવામાં આવ્યું કે મારે ૩ વર્ષની દીકરી છે અને મારો કોઈ વાંક ગુનો નથી તેમ છતાં મારા પતિ અને સાસુ મને છૂટાછેડા માટે દબાણ કરે છે તો મારી મદદ કરો. અભયમની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી તે દરમ્યાન મહિલા દ્વારા અભયમની ટીમને જણાવ્યું કે, અમારા લગ્નજીવનને સાત વર્ષ થયેલ છે. મારે ૩ વર્ષની દીકરી પણ છે. પરિવારમાં પતિ -પત્ની અને સાસુ રહીએ છીએ. ૬ મહિના પહેલાં મારા પતિએ મારે બીજે અફેર છે, તેવો આક્ષેપ કરી મને પિયર મોકલી દીધેલી. ૬ માસ સુધી પતિ સાસુ તરફથી મને સાસરીએ બોલાવવા સંપર્ક કર્યો નહીં. તથા મારા પતિનો પર સ્ત્રી સાથે સંબંધ છે તે હું જાણતી હતી. આથી તે બંનેને મે એક ગેસ્ટહાઉસ આગળ રંગે હાથ પકડી પોલીસને કોલ કર્યો હતો અને ફરિયાદ થશે તે ડરને કારણે મારી માફી માંગી અને મને સાસરીમાં લઈ જવા તૈયારી બતાવી હતી. પરંતુ ત્યારબાદ પતિ અને સાસુએ છૂટાછેડા આપવા માટે જણાવતાં મેં મારું લગ્નજીવન તૂટતું બચાવવા અભયમને કોલ કર્યો હતો. અભયમની ટીમે મહિલાને સાંભળી પતિ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવા જણાવતાં, પતિએ જૂનું બધું ભૂલી મહિલા અને તેની દીકરીની તમામ જવાબદારી સ્વીકારતાં લેખિત બાંહેધરી આપવામાં આવી હતી. તેમજ સાસુએ પણ મહિલાને મહેણાં ટોણાં મારવા નહિ જણાવતાં, બંને પક્ષે એકબીજાની ભૂલ સમજાતાં આગળની બધી ભૂલ માફ કરી નવી શરૂઆત કરવા સમજાવતાં, ૭ મહિના બાદ મહિલાને પરત સાસરીમાં બોલાવી લેતાં કેસનો સુખદ અંત આવ્યો છે.

## ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન યોજના

# ૧૮૧ ટીમે બાળકીને આશ્રયની જરૂર હોવાથી શિશુમંગલ ખાતે આશ્રય અપાવ્યો



માતાએ બસમાંથી ઉતારી મૂકેલી બાળકીની મદદે આવી 181ની ટીમ

ઉત્તરપ્રદેશના રહીશ હોવાનું જણાયુ, શિશુમંગલમાં આશ્રય અપાવ્યો

જૂનાગઢ નજીકના વધાવી ગામ પાસેથી એક જાગૃત નાગરિકનો ૧૮૧ હેલ્પલાઈન પર ફોન આવ્યો અને તેના દ્વારા જણાવવામાં આવ્યું કે, ગામમાંથી એક અજાણી બાળકી મળી આવી છે. ત્યારબાદ ૧૮૧ ટીમના કાઉન્સેલર, મહિલા પોલીસ કોન્સ્ટેબલ ઘટનાસ્થળ પર પહોંચી ગયાં. બાળકી સાથે રૂબરૂ વાતચીત કરતાં જાણવા મળ્યું કે, બાળકી ઉત્તરપ્રદેશની રહેવાસી છે અને માતાએ તેને બસમાંથી ઉતારી દીધી હતી.બાળકીની કંઈ પણ ઓળખ ન હોવાથી આજુબાજુમાં રહેતાં મજૂરોને પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ તે બાળકીને કોઈ ઓળખતું ન હતું. તેની ઉંમર અંદાજે ૧૨- ૧૪ વર્ષ જણાતી હતી. આમ, ૧૮૧ ટીમે બાળકીને આશ્રયની જરૂર હોવાથી શિશુમંગલ ખાતે આશ્રય અપાવ્યો હતો.

# પિતાએ દીકરીને પ્રેમી સાથે જીવન શરુ કરવાની પરવાનગી આપી હતી



ત્રીજું પાત્ર પુત્રીને અંધારામાં ધકેલી દેશે તેવા ડરથી પિતાનો વિરોધ

વિધવા પુત્રીને સહકર્મીની સાથે પ્રેમ થયો, પિતાની મારી નાખવા ધમકી

આખરે અભયમની સમજાવટથી પિતાનું પુત્રીની ખુશી માટે સમાધાન

લાપતા વિધવા દીકરી મહુધાના ગામમાંથી મળી હતી

સંતાનોના ભાવિ માટે ચિંતિત માતા પિતા ઘણીવાર કઠોર બનતાં હોય છે. જો કે બાદમાં સંતાનોની ખુશી માટે પોતાનાં અનુભવી નિર્ણયને પણ નેવે મૂકી દેતાં હોય છે. તેવો એક બનાવ કઠલાલ પંથકમાં બન્યો હતો. બે બે વાર દીકરીના સગપણ તૂટ્યા બાદ ત્રીજીવાર દીકરીની પસંદગીનું પાત્ર દીકરીને અંધારામાં તો નહીં ધકેલે તે ચિંતામાં પિતાએ વિરોધ કર્યો હતો. પણ આખરે અભયમની સમજાવટથી પિતાએ દીકરીની ખુશી માટે સમાધાન કર્યું હતું.

કઠલાલ પંથકની ૩૫ વર્ષીય પરિણીતાના પ્રથમ લગ્નથી છૂટાછેડા થઈ ગયા હતા. બીજાં લગ્ન થતાં પતિ દારૂનાં વ્યસન, બિમારીને કારણે મોતને ભેટ્યો હતો. જે બાદ વિધવા દીકરીને કંપનીમાં જ કામ કરતા એક સાથી કર્મી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પ્રેમીએ ગંગાસ્વરૂપા બહેનને અપનાવીને, તેનાં ત્રણ સંતાનોનું પણ ભરણપોષણ કરવાની બાંયધરી આપી. જેથી, દીકરીના 'તારું લગ્ન કરી આપીએ' પછી શાંતિથી રહેજે એવું ખોટું બોલી કહી પિયરમાં લઈ ગયા અને પિતાએ દીકરી સાથે ઝઘડો કર્યો હતો અને 'જો તારા પ્રેમી સાથે જવાની વાત કરીશ તો તને મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. હેબતાઈ ગયેલી દીકરીએ આ મામલે અભયમ ૧૮૧ને કોલ કર્યો હતો. નડિયાદ અભયમની ટીમ તુરત જ સ્થળ પર પહોંચી અને દીકરીના પિતા સાથે કાઉન્સેલિંગ કરતાં જાણાવ્યું કે તે સાત વર્ષથી તેની સાથે કામ કરતા પુરુષને ઓળખે છે, જે તેની તમામ જવાબદારી સ્વીકારવા તૈયાર છે. દીકરીને તેના સાસુ-સસરા રાખવા માટે તૈયાર નથી તેમ સમજાવતાં પિતાએ દીકરીને પ્રેમી સાથે જીવન શરૂ કરવાની પરવાનગી આપી હતી.



ચાર, પાંચ યુવકો ઇકોમાં ઉઠાવી ગયા, તક મળતાં ભાગી છૂટી હતી

# લપકામણ ખાતેથી 181 અભયમની ટીમે અપહરણ થયેલી મહિલાને બચાવી

## સખી વન સ્ટોપ સેન્ટર સોલા સિવિલમાં સુરક્ષિત આશ્રય અપાવ્યો

મુકેશ સરવૈયા ધોળકા
-:9998704540

૧૮૧ મહિલા હેલ્પલાઇન ને સાંજના સમયે એક કોલ મળ્યો કે, લપકામણ ગામમાં એક ભયભીત અને ખોવાયેલી મહિલા મળી આવી છે, જેને તાત્કાલિક મદદની જરૂર છે. ૧૮૧ની અભયમ ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને મહિલાનું કાઉન્સિલિંગ કરતાં મહિલાએ જણાવ્યુ કે તે અને તેનો ભાઈ બજારમાં ખરીદી કરી રહ્યાં હતાં ત્યારે ચાર-પાંચ યુવકોએ મને બળજબરીપૂર્વક ગાડીમાં બેસાડી દેવામાં આવી હતી. ત્યારબાદ મહિલાને કંઈ યાદ નથી. જ્યારે તેની આંખ ખૂલી, ત્યારે તે એક અજાણ્યા ઘરે હતી ત્યાંથી તે ભાગી નીકળી હતી. ત્યારબાદ મહિલાના ભાઈનો ફોન નંબર મેળવીને તેના પરિવાર સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ નંબર બંધ આવતાં રાત્રિના સમયે આશ્રય માટે સોલા પોલીસ સ્ટેશનની મદદથી મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર (OSC) સોલા સિવિલમાં સુરક્ષિત આશ્રય માટે મોકલવવામાં આવી હતી.

સેન્ટર દ્વારા મહિલાને આશ્રય આપવામાં આવ્યો તેમજ તેના ભાઈ સાથે ટેલીફોનિક સંપર્ક કરી તેનું પરિવાર સાથે પુનઃસ્થાપન કરવામાં આવ્યું હતું.

# પૂર્ણા યોજના
# અંદાજીત ૧૦ લાખ કિશોરીઓ આ યોજનાનો લાભ મેળવી રહી છે



મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા બાળકો, કિશોરીઓ અને માતાઓના આરોગ્ય અને પોષણમાં સુધારો કરવા માટે નોંધનીય કામગીરી કરી સમગ્ર દેશ માટે માર્ગદર્શક સાબિત થયેલો છે. કિશોરાવસ્થા દરમિયાન યોગ્ય પોષણ, સ્વચ્છતા, વ્યક્તિવિકાસ, જાતીય વિકાસ અને જીવન કૌશલ્ય વગેરે બાબતો વિશે માહિતી આપી એક સશક્ત સમાજના નિર્માણની નેમ સાથે મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા વર્ષ, ૨૦૧૮માં "PURNA" ( Prevention of Undernutrition and Reduction in Nutritional Anemia) યોજના લાગુ કરવામાં આવી.

પૂર્ણા યોજના ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ (શાળા એ જતી તેમજ ન જતી) માટેની યોજના છે. આ યોજના હેઠળ પોષણ અને પોષણ સિવાયની સેવાઓ આપવામાં આવે છે. દર મહિનાના ચોથા મંગળવારે આંગણવાડી કેન્દ્ર પર પૂર્ણા દિવસ તરીકે ઉજવાય છે, જેમાં પૂર્ણા શકિત THRનાં ચાર પેકેટ આંગણવાડી કેન્દ્રમાંથી આપવામાં આવે છે.

આ ઉપરાંત ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને દર માસના ચોથા મંગળવારે જીવન કૌશલ્યની તાલીમ, જાહેર સ્થળોની મુલાકાત કરાવવામાં









આવે છે. પોષણ સિવાયની સેવાઓમા ૧૬ થી ૧૮ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને વ્યવસાયિક તાલીમ સાથે જોડાણ કરાવવામાં આવે છે અને ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓની આંગણવાડીમાં મમતા દિવસના રોજ નક્કી કરેલા સમયે આરોગ્ય તપાસ કરવામાં આવે છે, જરૂરી જણાય તો રિફર કરી મફત સારવાર આપવામાં આવે છે. આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહી કિશોરીઓને વિનામૂલ્યે આયર્ન ફોલિકની ગોળી આપવામાં આવે છે અને દર માસે વજન અને ઊંચાઈની નોંધ કરી બોડી માસ્ક ઇન્ડેક્ષ કાઢવામાં આવે છે અને ત્રણ માસે હિમોગ્લોબિન તપાસવામાં આવે છે તથા વર્ષમાં બે વખત (ઓગસ્ટ અને ફેબ્રુઆરી) માં ડિવોર્મિંગ કૃમિનાશક ગોળી આપવામાં આવે છે. તેમજ ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે શાળા પુન:પ્રવેશની કામગીરી કરવામાં આવે છે. હાલમાં અંદાજીત ૧૦ લાખ કિશોરીઓ આ યોજનાનો લાભ મેળવી રહી છે. જે માટે વર્ષ, ૨૦૨૫-૨૬માં કુલ ૩૩૫.૪૦ કરોડ બજેટ મંજૂર થયેલું છે.

# જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા વિવિધ તાલીમની કામગીરી





જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા જુલાઈ માસમાં કુલ ૧૪ તાલીમો કરવામાં આવી જેમાં કુલ ૯૬૯ તાલીમાર્થીઓ સહભાગી થયા હતા.

આ તાલીમમાં મુખ્યત્વે ગૃહ વિભાગના અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓશ્રી, કૌશલ્ય: ધ સ્કીલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ, ડિસ્ટ્રિક્ટ અને સેશન કોર્ટ અમદાવાદ ગ્રામ્ય તથા સિટી સિવિલ કોર્ટના જજશ્રીઓ,અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ, રિજનલ અને જિલ્લા પૂર્ણા કોર્ડિનેટરશ્રી, સુરત ઝોનમાં સમાવિષ્ટ ૭ જિલ્લાની સ્થાનિક સમિતિના સભ્યો તેમજ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ સાથે તાલીમ યોજવામાં આવી હતી.

જેન્ડર રિસોર્સ સેન્ટર (GRC) તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યની તમામ અદાલતોના સ્ટાફ માટે ૫ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ "એહસાસ ન્યાયકા સબકે લિયે" નામનો જેન્ડર સેન્સિટાઇઝેશન પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ પહેલ અંતર્ગત જિલ્લાના જજશ્રીઓ, ડિસ્ટ્રિક્ટ અને સેશન કોર્ટ અમદાવાદ ગ્રામ્ય, સિટી સિવિલ કોર્ટના અધિકારીશ્રીઓ તેમજ





કર્મચારીઓ સાથે તા.૦૨/૦૮/૨૦૨૫નાં રોજ ૨(બે) બેચમાં અને તા. 30/૦૮/૨૦૨૫ ના રોજ ૪(ચાર) બેચમાં જાતિગત સંવેદનશીલતા, POSH act, તેમજ Dignified Attitude and Workplace Inclusivity વિષય પર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૦૨/૦૮/૨૦૨૫ના રોજ સ્વર્ણિમ સંકુલ ૨, દ્વારકા હોલ, નવા સચિવાલય ખાતે ગૃહવિભાગના અધિકારીશ્રી અને કર્મચારીઓની POSH Act, 2013 & જેન્ડર સેન્સિટાઈઝેશન વિષય પર તાલીમ યોજવામાં આવી હતી. જેમાં વિષયનિષ્ણાત દ્વારા ૧) POSH Act 2013, ૨) જાતિગત સંવેદનશીલતા વિષય અંગે તાલીમાર્થીઓને કાયદાની સમજ અને તેની ઉપયોગિતા તેમજ કાર્યસ્થળ પર ગૌરવપૂર્ણ વલણ અને તેના સમાવેશતા બાબતે તાલીમાર્થીઓનું ક્ષમતાવર્ધન કરવામાં આવ્યું હતું.

તા. ૧૯/૦૮/૨૦૨૫ના રોજ કૌશલ્ય: ધ











સ્કીલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ સાથે "Gender Sensitization Workshop-cum-Training Programme" કૌશલ્ય: ધ સ્કીલ યુનિવર્સિટી Block ૩, VGEC Campus, Chandkheda, Ahmedabad ખાતે આયોજિત કરેલો. જેમાં વિષયનિષ્ણાત દ્વારા વિધાર્થીઓ તેમજ યુનિવર્સિટીનાં સ્ટાફને POSH Act 2013, તેમજ Gender Sensitization વિષય પર જાણકારી આપવામાં આવી હતી.

તા. ૨૦/૦૮/૨૦૨૫ ના રોજ ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓશ્રી સાથે સ્વર્ણિમ સંકુલ ૨, દ્વારકા હોલ, ગાંધીનગર ખાતે "Gender Sensitization & POSH Act, ૨૦૧૩" વિષય અંગે તાલીમ યોજવામાં આવેલી. જેમાં વિષયનિષ્ણાત દ્વારા "Gender" & POSH Act 2013 વિષય પર તાલીમાર્થીઓનું ક્ષમતાવર્ધન

કરવામાં આવ્યું હતું.

તા.૨૧/૮/૨૫ થી ૨૨/૮/૨૫ ના રોજ બે દિવસીય રિજનલ અને જિલ્લા પૂર્ણા કો. ઓ.સાથે જાતિગત સંવેદનશીલતા અને પૂર્ણા યોજનાના અસરકારક અમલીકરણ અંગેની તાલીમ GIDM ખાતે રાખેલી છે, જેમાં જુદા જુદા વિષયનિષ્ણાત દ્વારા સેશન લેવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાની કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) કાવડાના મુવાડા ખાતે વિદ્યાર્થિનીઓ માટે તા. ૨૫/૦૮/૨૦૨૫ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમમાં નિષ્ણાતો દ્વારા જાતિગત સંવેદનશીલતા અને ભેદભાવ અંગે જાગૃતિ, કિશોરાવસ્થામાં પોષણનું મહત્ત્વ, લાઈફ સ્કિલ્સ (જીવન કૌશલ્ય), હેલ્પલાઇન ૧૮૧ અને પોક્સો (POCSO) અધિનિયમ જેવા, મહત્ત્વના વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાની ધો.૬ થી ૧૨ ની ૧૦૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ હતો. આ સાથે તા. ૨૬/૦૮/૨૦૨૫ ના રોજ સંજેલી તાલુકાના કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)-થળા ખાતે ધોરણ ૬ થી ૧૨ની ૧૫૦ વિદ્યાર્થિનીઓ માટે પણ આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ઉપરોક્ત વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તા.૨૮/૦૮/૨૦૨૫ થી તા.૨૯/૦૮/૨૦૨૫નાં રોજ ડિસ્ટ્રિક્ટ મિશન કોર્ડીનેટર- ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનનાં કુલ ૩૩ તાલીમાર્થીઓ માટે GIDM ગાંધીનગર ખાતે તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં વિષયનિષ્ણાતો દ્વારા તાલીમાર્થીઓને કિશોરીઓ-આરોગ્ય/પોષણ અને અધિકારો અને પોષણની જરૂરિયાત, બાલિકા પંચાયત-રોડમેપ, વર્ક લાઈફ બેલેન્સ એન્ડ સ્ટ્રેસ મેનેજમેન્ટ, ફાયનાન્સિયલ લિટરેસી-ડિજિટલ ઈકોનોમી-મહિલા



સ્વસહાય જૂથ અને મહિલા ઉદ્યમીઓ સંદર્ભે, વુમન લીડરશિપ અને ડિસિઝન મેકિંગ રોલ તથા સફલ મહિલા નેતૃત્વ, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩, કિશોરીઓ અને મહિલાઓ સાથે થતા સાયબર ક્રાઈમ અને કાઉન્સિલિંગ -ડ્રોપ આઉટ દીકરીઓને શાળામાં રિ-એનરોલમેન્ટના સંદર્ભે તાલીમ આપવામાં આવી હતી.

તા.૩૦/૮/૨૦૨૫ સુરત ઝોનમાં સમાવિષ્ટ ૭ જિલ્લાની સ્થાનિક સમિતિના સભ્યોની તાલીમ જિલ્લા પંચાયત, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ તાલીમમાં ૧) શ્રી મિનિ જોસેફ, ACP સુરત, ડૉ. હેતલબેન રામાણી, વકીલ અને GRC પ્રતિનિધિ દ્વારા સ્થાનિક સમિતિના સભ્યોને ૧) જેન્ડર, ૨) The Posh Act, 2013 કાયદાની જોગવાઇઓ તેમજ ૩) સ્થાનિક સમિતિની ભૂમિકા તેમજ જાતીય સતામણીની ફરિયાદ સંદર્ભે કરવાની થતી કાર્યવાહી બાબતે કેસ સ્ટડી અને ચુકાદાઓ દ્વારા વિસ્તૃત સમજ આપવા આવી હતી.

સંકલિત બાળ વિકાસ સેવા યોજના
ગુજરાત રાજ્ય

सत्यमेव जयते
ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત રાજ્ય

પા પા પગલી
એક પગલું પ્રગતિનું

# આંગણવાડીમાં "પા પા પગલી" થી કરીએ ભણતરની શરૂઆત




## ઉદ્દેશ

**આંગણવાડીના ૩ - ૬ વર્ષના તમામ બાળકોનો સર્વાંગી વિકાસ અને સ્કૂલ માટે શૈક્ષણિક તૈયારી**

## પ્રોજેક્ટના લક્ષ્યાંક

- આંગણવાડીમાં બાળકોની નિયમિત હાજરીમાં વધારો.
- આંગણવાડીના ૩ – ૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસનું સતત અવલોકન.
- ૪ – ૫ વર્ષનાં બાળકોની બાલ વાટિકા પ્રવેશ માટેની સજ્જતા.
- આંગણવાડીની લોકપ્રિયતા વધારવા વાલીની ભાગીદારી અને જનસામુદાયિક કાર્યક્રમો.

વધુ માહિતી માટે આજે જ નજીકની આંગણવાડી કેન્દ્રનો સંપર્ક કરો. ટોલ ફ્રી નં. ૧૫૫૨૦૯

**મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર**









# સ્વસ્થ નારી સશક્ત પરિવાર











56+4 Cover Total 48 Pages. Coommissionerate of Women & Child Development, Block No. 20, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by: Government Photo Letho Press, Dudheswar Road, Ahmedabad.